અંક નં.141/507 | 15 સપ્ટેમ્બર, 2024

# કોશિશ થી કામયાબી

Koshish Thi Kamyabi | RNI No.GUJGUJ/2013/48176 | Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24 | Monthly Date Of Publication : 15 September 2024 | Posted at 20th of every month at BHAV.RMS | Subscription Rs. 150 Per Year (12 Issue) I Total Page : 24

## દિવ્યાંગ લાભાર્થીઓના શ્રાવણી પર્વને PNR સોસાયટીએ બનાવ્યું ઉમંગમય

### 100 જેટલા લાભાર્થીઓના ઘર સુધી પહોંચતી કરી શ્રી ગોકુલભાઈ શાહ અન્નદાન યોજના હેઠળની કીટ

PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ
કોશિશ થી કામયાબી
Since 1-8-1974
વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક



પેજ નંબર પાંચ ઉપર

# K.L. બહેરાં-મૂંગા શાળા તસ્વીર સમાચાર



શ્રવણયંત્ર વિતરણ કાર્યક્રમ...



બાળકોને શ્રવણયંત્ર વિતરણ કરતા...



15મી ઓગસ્ટની ઉજવણી



વિશ્વ સિંહ દિવસની ઉજવણી



ગુરૂપૂર્ણિમાની ઉજવણી

# કોશિશ થી કામયાબી

આ અંકમાં...


01. બહેરા-મૂંગા શાળા તસ્વીર સમાચાર 02
02. Index 03
03. At A Glance 04
04. શ્રી ગોકુલભાઈ શાહ અન્નદાન યોજના 05
05. ‘નટરાજ’ મગજના લકવાગ્રસ્ત બાળકોની શાળા 06
06. કે. એન. શાહ હાઈટેક ઈન્ક્લુઝિવ સ્કૂલ 08
07. નટરાજ સી.પી. સ્કૂલ 09
08. ‘ચાલો વાગોળિયે સંસ્મરણો’ 10
09. PNR હોસ્પિટલ 11
10. ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર 11
11. એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટ 12
12. અંબા સી.પી. હોસ્ટેલ 12
13. શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા પ્રા. વિ. 13
14. શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા 14
15. શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા મહેતા છાત્રાલય 14
16. શ્રી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય 14
17. શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા 15
18. પી.આર.વી. વર્કશોપ 16
19. પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ 16
20. શેઠશ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ 17
21. લાઈબ્રેરી યુવક સંમેલન, મુંબઈ 18
22. ‘અંકુર’ મંદબુધ્ધિવાળા બાળકોની શાળા 19
23. ટિચર્સ ટ્રેનિંગ કોલેજ 20
24. દાતાઓની યાદી 21
25. સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી 22
26. દિવ્યાંગતા પર વિજેતા ક્રિષ્ના 22
27. કાન્યાનો વર્લ્ડ રેકોર્ડ 22
28. PNR તસ્વીર સમાચાર 23


**પ્રિય વાચક મિત્રો,**

‘કોશિશ થી કામયાબી’ મેગેઝિન આપના હાથમાં મુકતા આનંદની લાગણી અનુભવું છું.

## 78માં સ્વાતંત્ર્યદિનની ઉજવણી

## દિવ્યાંગો માટે નવી આશાનો સંદેશ

15 ઓગસ્ટ, 1947ના દિવસે આપણા દેશે 200 વર્ષની અંગ્રેજોની ગુલામીમાંથી મુક્તિ મેળવી. આ રાષ્ટ્રીય તહેવારમાં આપણા સૌ દેશવાસીઓની સાથે, આપણી PNR અને ભગિની સંસ્થાઓમાં અભ્યાસ કરતા દિવ્યાંગો અને કાર્યકર્તાઓએ પણ ધ્વજવંદન સાથે, આન બાન અને શાનથી ભવ્ય ઊજવણી કરી. પરંતુ આપણે ક્યારેય વિચાર્યું છે કે આ સ્વતંત્રતા દિવસનો દિવ્યાંગો માટે શું અર્થ છે ?

દિવ્યાંગો માટે સ્વતંત્રતાનો અર્થ  થાય છે શિક્ષણ પ્રાપ્ત કરી, પોતાની સામાજિક-આર્થિક સમસ્યાઓમાંથી મુક્તિ મેળવી, સમાજમાં સન્માનપૂર્વક જિંદગી જીવવાનો. પરંતુ શું આપણે આ અધિકાર તેમને આપ્યો છે? સરકાર સહિત, આપણા સૌની આ સામાજિક જવાબદારી નથી ?

આપણી ભાવનગરની PNR અને સંલગ્નિત સંસ્થાઓ, દાતાઓ અને કાર્યકર્તાઓના સમન્વયથી દિવ્યાંગો માટે શિક્ષણ, તાલીમ, સારવાર અને પુનર્વસનનું જે કાર્ય કરી રહી છે, એ એમને ફક્ત રોજગાર માટે જ નહીં, પરંતુ સન્માન અને સમાનતા સાથે, તેમની સમર્થતાના વિકાસની તક પણ પૂરી પાડી રહ્યાં છીએ.

મિત્રો, આ આઝાદી દિને, આપણે સૌએ એક નવી આશાનો સંદેશ દેવો જોઈએ કે આપણે સૌ દિવ્યાંગોની સાથે ઉભા છીએ, એમના અધિકાર માટે લડીશું અને એમને સન્માનપૂર્વક જિંદગી જીવવાનો અવસર પણ આપીશું.

સ્વતંત્રતા દિનની આપ સૌને શુભેચ્છાઓ,

જય હિન્દ.

**- કિરીટ રાઠોડ**

**THe most important thing in the Olympic Games is not winning but taking part.**
**PIERRE DE COUBERATIN (Visionary and Founder of modern Olympic)**


**Koshish Thi Kamyabi**
**RNI No.GUJGUJ/2013/48176**
**Postel Reg. No. L2/36/RNP/**
**BVR-414/2022-24, Monthly**

- **અંક નં.141/507**
  15 સપ્ટેમ્બર, 2024
- **પ્રકાશક : શ્રી ખી.લ. બહેરાઓની સંસ્થા**
  51, વિદ્યાનગર, ભાવનગર - 364 002.
  ફોન : (0278) 2429326, 2420836
  મો. 9499661694 / 9499557977
  E-mail : info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  Visit us : www.pnrsociety.org
  www.klinstitutedeaf.org

- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહ તંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટીંગ
  **ધર્મેશ પ્રિન્ટોરીયમ, અમદાવાદ**
- ‘કોશિશ થી કામિયાબી' લવાજમ
  **આજીવન રૂ.2500, વાર્ષિક રૂ.150**
- **ચેક ''શ્રી ખી.લ. બહેરા મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા વિનંતી**

- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઇનિંગ
  **સાગર ચલાળિયા, ભાવનગર**
- સંપાદક મંડળ
  **ફાલ્ગુની ખાટસુરિયા**
  **ગજાનંદ ભટ્ટ**
  **જ્યોતિ ભટ્ટી**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **રાજેશભાઈ હકાણી**



- **જાહેરાતના દર : (મેગેઝિન સાઇઝ - A-4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઇટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ.10,000 |
| ત્રીજું ટાઇટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ.10,000 |
| ચોથું ટાઇટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ.10,000 |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ.5,000 |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ.2,500 |
| ક્વાર્ટર પેજ - સિંગલ કલર | : | રૂ.1,500 |

# AT A GLANCE

K.D. PADIA



## GENERAL

August month being the real august witnessed celebration of many festivals including national festival of Independence Day in all the Institutional setups of PNR Society and its associated institutions. Befitting to the festivals all institutions extended their help in terms of Festival kits to the poor and parents of the disabled children so that they celebrate festivals with others equally.

## Round of C. P. School

Education Committee meeting, Assessment Camp benefitting 87 children by experts, Painting Workshop for bringing out painting skill of its wards, celebration of Lion Diwas, Camp for Dental services, Har Ghar Tiranga programme, competition of Patriotic Songs, Rangoli Competition and above all, Monsoon Carnival bringing out professional skills of children of the Nataraj Cerebral Palsy School have been the highlights of the school.

## KLID Marches Ahead

The K. L. Institute for the Deaf (KLID) with its three arms have been very active. Distribution of hearing-aids among 16 deaf students, organisation of Meeting of Guardians trained and wish to be trained, visit to Shiva Temple, exhibition of Rakhis prepared by its wards and sale for wards of primary section; raising of computer lab for ICT with the financial support from State of Gujarat under NEP 2020, beginning of vocational course for IT, imparting education via Smart TV, etc. of students of Secondary and Higher Secondary School and its third arm (PRV Workshop) serving 104 handicapped by providing artificial aids and appliances and supplying 86 knee-braces to 43 patients have been important activities of the KLID.

## Ankur School for MR Children on Forefront

Ankur Special School for Mentally Retarded Children did not leg behind in training its wards. Camp for Railway Concession Certificate and Railway Identity Card, Felicitation of Secretary Shri Alpeshbhai Sheth and Principal Shri Meghjikhanbhai of the school, dance on patriotic song by its wards, celebration of Raxabandhan and Independence Day, Rs. 51 lakh donation from Advocate Shri Sunilbhai Parekh and 100% result of its Teachers’ Training College have been the precious events of the school.

## Other Activities

Disha Vikas Project’s Local Project Committee Meeting, Assessment Camp, participation in Umbrella Painting Workshop and Dental Camp; K. N. Shah Hightech Inclusive School’s extra-curricular activities; services rendered to more than 7500 patients by PNR Special Hospital and V. C. Lodhawala Hospital; Plastic Surgery Camp benefitting 14 children having congenital defect by Pravinchandra Dalal Disability Prevention Center besides health checkup of 1429 children; AT&T Technology Institute’s supplying laptops, dongles, books, etc. to 23 disabled youths of Umrala taluka; Success Stories; informative useful articles and news etc. are included in this issue.

# દિવ્યાંગ લાભાર્થીઓના શ્રાવણી પર્વને PNR સોસાયટીએ બનાવ્યું ઉમંગમય

## 100 જેટલા લાભાર્થીઓના ઘર સુધી પહોંચતી કરી શ્રી ગોકુલભાઈ શાહ અન્નદાન યોજના હેઠળની કીટ




તહેવાર તમામના ઘરે ઉમંગ અને ઉત્સાહથી ઉજવાય તેવી ઉમદા લાગણી PNR સોસાયટીના ટ્રસ્ટીઓની હંમેશા રહી છે. આ તહેવાર શ્રાવણી પર્વ હોય કે પછી દિવાળી અને બેસતું વર્ષ, આવા પ્રસંગોએ સંસ્થા દિવ્યાંગોના પરિવાર સુધી યોગ્ય ચીજવસ્તુઓ સાથેની કીટ અવશ્ય પહોંચે, તેની કાળજી રાખે છે.

આવા જ ઉપક્રમ સાથે તા. 21 ઓગસ્ટના રોજ જન્માષ્ટમી પર્વ નિમિત્તે શ્રી ગોકુલભાઈ શાહ અન્નદાન યોજનાના પ્રમુખ દાતા શ્રી ડી.કે. અજમેરા ફાઉન્ડેશન ટ્રસ્ટ-મુંબઈ તથા સહયોગી દાતાઓના સૌજન્યથી અન્નદાન યોજનાની કીટનું રાહતદરે વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થાની નટરાજ સી.પી. સ્કૂલ, ભાવનગર તથા તળાજા, મહુવા, પાલિતાણા અને શિહોર રિસોર્સ સેન્ટરના 100 જેટલા દિવ્યાંગ લાભાર્થીઓને ઘરે-ઘરે આ કીટ પહોંચતી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, PNR સોસાયટી દ્વારા દાતાઓના સહયોગથી આ ઉપક્રમ સાતત્ય પૂર્ણ રીતે યોજાતો રહે છે. કોરોનાના કપરા કાળ દરમિયાન પણ સંસ્થાએ દિવ્યાંગો અને સંસ્થાના કર્મચારીઓની આવી જ રીતે કાળજી લીધી હતી.

આ કીટ વિતરણનો કાર્યક્રમ નટરાજ કોલેજના કોન્ફરન્સ હોલમાં યોજાયો હતો. જેમાં લાભાર્થીઓએ પોતાના હકારાત્મક પ્રતિભાવમાં દાતાશ્રીનો આભાર વ્યક્ત કરી, આ યોજના વધુ સમૃધ્ધ બને અને વધુમાં વધુ લાભાર્થીઓ સુધી પહોંચવા માટે સફળ બને, તેવી આશા વ્યક્ત કરી હતી.

આ કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રીમતી બિન્દીબેન ત્રિવેદી તથા સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓના હસ્તે કીટ વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન શ્રી જિજ્ઞાબેન સોલંકી તથા સંકલન શ્રી કેતનભાઈ રૂપેરાએ કર્યું હતું.

- PNR સોસાયટી સંચાલિત શ્રી ગોકુલભાઈ શાહ અન્નદાન યોજના જેમાં 100 લાભાર્થીઓને વર્ષમાં ચારવાર કીટ વિતરણ કરાશે. જેમાં કોર્પસ ફંડ બનાવવાનું લક્ષ્ય રૂ.પચાસ લાખનું રાખેલ છે.
- **જેમાં મુખ્ય દાતાશ્રી તરફથી મળેલ દાન**

→ શ્રી ડી.કે. અજમેરા ફાઉન્ડેશન ટ્રસ્ટ-મુંબઈ તરફથી રૂ.25,00,000/-

- **આ કોર્પસ ફંડના અન્ય દાતાશ્રીઓ :**

→ શ્રી વસંતભાઈ એમ. ગાંધી હ. : શ્રી પ્રણયભાઈ ગાંધી રૂ.2,50,000/-
→ શ્રી રસેશભાઈ આર. દોશી રૂ.1,50,000/-
→ જે.એમ. એન્ટરપ્રાઈઝ (પ્રો. અતુલભાઈ અજમેરા) રૂ.1,00,000/-
→ શ્રી મિતુલભાઈ જે. દોશી રૂ.1,00,000/-
→ શ્રી વિક્રમભાઈ એન. મહેતા રૂ.51,000/-
→ શ્રી સપનાબેન એન. શાહ રૂ.50,000/-
→ શ્રી વસંતબેન એન. કપાસી તથા શ્રી ઈલાબેન એ. શાહ અને શ્રી સપનાબેન એન. શાહ રૂ.50,000/-
→ શ્રી હંસાબેન ફતનાણી હ. : શ્રી કવિતાબેન પી. શાહ રૂ.30,000/-
→ શ્રી નયનાબેન ડી. શાહ (શ્રી સરોજબેન જયંતિલાલ ભીમાણીના સ્મરણાર્થે) રૂ.25,000/-

- **આ યોજનામાં દાતાશ્રીઓ નીચે મુજબ પણ યોગદાન આપી શકે છે. જેમાં 80-G નો લાભ મળવા પાત્ર છે.**

→ આજીવન 1 દિવ્યાંગ બાળકને સ્પોન્સર કરવાના રૂ.50,000/-
→ આંશિક સ્પોન્સર કરવાના રૂ.25,000/-
→ **નોંધ : રૂ. 25,000/- થી ઓછી રકમ પણ દાન સ્વરૂપે સ્વિકાર્ય છે.**



# ‘નટરાજ’ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા



વિભૂતિ વ્યાસ

## શિક્ષણ સમિતી મિટીંગ

તા. 25/7 ને ગુરૂવારના રોજ નટરાજ કોલેજનાં કોન્ફરન્સ રૂમમાં સી.પી. સ્કૂલની શિક્ષણ સમિતિની મિટીંગનું આયોજન સંસ્થાના માનદ્ મંત્રીશ્રી કિરીટભાઈ રાઠોડના અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ. જેમાં બાળકોની પ્રાથમિક તપાસ તથા રસીકરણ અંગે, વૃક્ષારોપણ કાર્યક્રમ અંગે, સ્પ્લીન્ટ, શાળા સ્વચ્છતા અંગે, વિજ્ઞાન નગરી, નારી ની મુલાકાત અંગે, તેમજ ત્રિમંદિરની મુલાકાત બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવેલ. આ ઉપરાંત સી.પી. સ્કૂલના બાળકોના વિકાસ અંગે, તેમજ તેમને મુંઝવતા પ્રશ્નો અંગે વાલી સભ્યો સાથે, ટસ્ટ્રીમંડળના પ્રમુખ સ્થાનેથી ચર્ચા-વિર્મશ કરેલ, બાળકોના હિતકારી પ્રશ્નોની ચર્ચા કરેલ.

## મેગા અસેસમેન્ટ કેમ્પ



તા. 27/7 અને 28/7 ના રોજ પી.એન.આર. સોસાયટી સંચાલિત નટરાજ સી. પી. સ્કૂલમાં સોહમ ફાઉન્ડેશન (જેરી જી જોન્સ પ્રોજેકટ) ના કોર્પસ ફંડમાંથી મેગાઅસેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. તેમાં ઓકયુપેશનલ થેરાપી, ફિઝીયોથેરાપી, સ્પિચ થેરાપી, સ્પેશ્યલ એજ્યુકેશનના નિષ્ણાત ડૉકટર્સ દ્વારા બાળકોની તપાસ કરી, સારવાર માટેનું માર્ગદર્શન આપવામાં આવેલ. જેમાં ઓકયુપેશનલ થેરાપી માટે ડૉ. દિપક ગંજીવાલે, ડૉ.મૃત્યુંજય મુકુન્દ, ડૉ. બ્રિજેશ મિશ્રા અને ડૉ. કેલ્વિન પટેલે સેવા આપેલ. જયારે સ્પીચ થેરાપી માટે હૈદરાબાદથી આવેલ ડૉ. અમિતકુમાર મૌર્ય, ડૉ. અનિલ સિંધ, ડૉ. અંબર ગુપ્તા અને સ્પેશ્યલ એજ્યુકેશન માટે મુંબઈ થી આવેલ ડૉ. વસીમ અહમદ તથા શ્રી જયેશભાઈ ધંધુકિયાએ સેવા આપેલ. ઉપરાંત જે બાળકોને સ્પ્લીન્ટની જરૂરીયાત હોય તેવા બાળકો માટે પી. આર. વાઘર વર્કશોપમાંથી શ્રી રવીભાઈ વાટલિયા દ્વારા કામગીરી કરવામાં આવેલ. આ બે દિવસ દરમ્યાન કુલ 87 બાળકોની તપાસ કરી, સારવાર માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## પેઈન્ટિંગ વર્કશોપમાં દિવ્યાંગ બાળકોની કલાદ્રષ્ટિ છત્રીઓ પર ઈનદ્રધનુષ બનીને ઊતરી



તા. 26 જૂલાઈ અને 8 ઓગસ્ટે, બે દિવસ નટરાજ સી.પી. સ્કૂલ, દિશા કમ વિકાસ પ્રોજેકટ તથા ઓટિઝમ સ્કૂલ (પ્રોજેકટ)ના વિદ્યાર્થીઓ જે ચિત્ર તથા પેઈન્ટિંગમાં વિશેષ રૂચિ ધરાવતા હોય, તેની આ વિશિષ્ટ શક્તિને પ્રોત્સાહિત કરવા માટે ‘છત્રી પેઈન્ટિંગ વર્કશોપ’નું આયોજન પી. એન.આર. સોસાયટીના કે.એન. શાહ ઓટિઝમ સ્કૂલ પ્રોજેકટ અંતર્ગત કરવામાં આવેલ. વિષયના એકસપર્ટ તરીકે શ્રી બીનીતાબેન હાર્દિકભાઈ શાહે માર્ગદર્શન આપેલ. આ વર્કશોપ દરમિયાન 30 (ત્રીસ) દિવ્યાંગ બાળકોની કલાદ્રષ્ટિ, છત્રીઓ પર જાણે કે ઈન્દ્રધનુષ બનીને ખીલી ઉઠી હતી. આચાર્યા શ્રીમતી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ, વિશિષ્ટ શિક્ષક શ્રી તૃપ્તીબેન મહેતા અને શ્રી ગાયત્રીબા ઝાલાએ આ વર્કશોપમાં જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, માનદમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, આચાર્યા શ્રી જીજ્ઞાબેન સોલંકી, વાલીગણ શિક્ષકગણ તથા વિશિષ્ટ શિક્ષણના તાલીમાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

## વિશ્વ સિંહ દિવસ



તા. 10/8 ના રોજ વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી. આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકીના અધ્યક્ષ સ્થાને બાળકોએ સિંહના બાળગીતના માધ્યમથી, અભિનય ગીત બાળકો એ રજૂ કર્યા હતા અને સિંહના ચિત્રમાં રંગપૂર્ણી, ચિપક કામ, સેન્ડ વર્ક જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી.


## દાંતનો કેમ્પ



તા. 5/8 ના રોજ પી.એન.આર. હોસ્પિટલ ખાતે ડૉ. કાંક્ષાબેન શાહ દ્વારા, નટરાજ સી.પી. સ્કૂલ અને દિશા કમ વિકાસ પ્રોજેકટના 25 બાળકોની દાંતની તપાસ કરવામાં આવી, જેમાં બાળકોને દાંતનો સડો અને દાંતના રસી અંગેની અને દાંતના સ્વાસ્થ્ય અંગેની માહિતી અને ટૂથપેસ્ટ વિશે માહિતી આપવામાં આવી હતી. કેમ્પનું આયોજન સંસ્થાના મહામંત્રીશ્રી પારસભાઈ શાહના માર્ગદર્શનમાં થયેલ. આ કેમ્પનું સંકલન કાર્ય સી. પી. સ્કૂલના મદદનીશ શિક્ષક ખેવનાબેન ઓઝાએ કરેલ, આ કેમ્પનું વ્યવસ્થાપન પી.એન.આર. સોસાયટીના સુપ્રિટેન્ડેન્ટ શ્રી ચેતનભાઈ રાણા અને સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

## હર ઘર તિરંગા કાર્યક્રમ : 2024

15મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમીત્તે **"હર ઘર તિરંગા"** થીમ પર **તા: 10/08/2024 થી 14/08/2024** દરમ્યાન ત્રિવિધ દેશભક્તિ કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં તા.10/08/2024ના રોજ નટરાજ ઓડિટોરીયમ ખાતે દેશ ભક્તિ ગીતની સ્પર્ધા અને સ્વાતંત્ર્ય સેનાનીના પહેરવેશની વેશભૂષા સ્પર્ધાનું શાનદાર આયોજન કરવામાં આવેલ. જેમાં સેરેબ્રલ પાલ્સી, ઈન્ટેલ એકચ્યુઅલ (ID), ઓટિઝમ, મલ્ટીપલ ડિસેબિલિટી ધરાવતાં દિવ્યાંગ બાળકો, TTC (MD) તાલીમાર્થીઓ, શિક્ષકગણે ઉત્સાહભેર ભાગ લીધો, સાથે વિવિધ દિવ્યાંગતા ધરાવતા નાના ભૂલકાંઓએ **ફેશન શો** ની સુંદર પ્રસ્તુતી કરી હતી.



તા. 12/08/2024ના રોજ **રંગોળી સ્પર્ધા** અને દેશ ભક્તિની વિવિધ થીમ પર **ચિત્ર સ્પર્ધા**નું આયોજન કરવામાં આવેલ. જેમાં દિવ્યાંગ બાળકો તથા વાલીઓ અને શિક્ષકગણ દ્વારા વિવિધ ભાતની રંગોળી દોરવામાં આવી, સાથે દેશ ભક્તિનાં અવનવા ચિત્રોમાં રંગપૂરણી કરવામાં આવેલ. દરેક દિવ્યાંગ બાળકે પોતાની ક્ષમતા મુજબ દેશ પ્રત્યે પોતાના નાગરિક તરીકેની ભાગીદારી નોંધાવેલ.

તા. 13/08/2024ના રોજ **નિબંધ સ્પર્ધા** અને **વકૃત્વ સ્પર્ધા**નું આયોજન કરવામાં આવેલ. જેમાં ધો-5 થી 8ના સી.પી. બાળકોએ ઉત્સાહ ભેર ભાગ લીધેલ.

તા. 14/08/2024 ના રોજ સેરેબ્રલ પાલ્સી, ઈન્ટેલ એકચ્યુઅલ (ID), ઓટિઝમ જેવી દિવ્યાંગતા ધરાવતા બાળકોને ફાઈન મોટર સ્કિલના વિકાસ માટે **મંડેલા આર્ટ**નું સુંદર આયોજન કરવામાં આવેલ. જેમાં 15 બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધેલ. જેમાં શ્રીમતી મનિષાબેન કપાસીએ સેવા આપી હતી.

## વોકેશનલ વિભાગ




શાળામાં ચાલતા વોકેશનલ વિભાગ કે જયાં 15 વર્ષથી 25 વર્ષ સુધીના બાળકોને પગભર બનાવવા માટે, દિવ્યાંગ બાળકોના પુનરૂત્થાન માટે સતત પ્રયત્નો કરી રહયો છે, જેનાથી શિક્ષણ પૂર્ણ કર્યા બાદ રોજગાર મેળવી, પોતાનું જીવન નિર્વાહ કરી શકે, સ્વ-નિર્ભર બની શકે.તા. 27/28 જુલાઈનાં રોજ શ્રીમતી અંબિકાબેન ટેકરીવાલ દ્વારા આયોજીત **મોનસૂન કાર્નિવલ**, ઈસ્કોન કલબ ખાતે સંસ્થાનાં દિવ્યાંગ બાળકો અને જરૂરીયાતમંદ બહેનો દ્વારા બનાવેલ વિવિધ આકર્ષક વસ્તુઓ જેમ કે અલગ-અલગ ફલેવરના સાબુ, સ્પ્રે, વિવિધ સુંગધિત અગરબત્તીઓ, પૂજામાં વપરાતી ધૂપ સ્ટિક, અવનવી ડિઝાઈનની રાખડીઓ, મનીકવર, રેઝીનની અત્યાધુનિક વેરાયટીઝ ધરાવતી વસ્તુઓ, દોરીના કિચેન, ચોકલેટ વગેરે મન મોહક વસ્તુઓનું પ્રદર્શન સાથે વેચાણનો સ્ટોલ ભાવનગરની ભાવપ્રિય જનતા માટે ખુલ્લો મુકવામાં આવેલ, જેમાં શ્રી શિતલબેન દવે, શ્રી રીનાબેન વસોયા, શ્રી દિપ્તીબેન રાજયગુરૂ, શ્રી હર્ષાબેન પાડલિયા અને શ્રી કોમલબેન સિંધવા એ સ્ટોલ પર બે દિવસીય સેવા આપેલ.

આ ઉપરાંત સિલ્વર બેલ્સ ઈન્ટરનેશનલ સ્કૂલ, નાઈસ ધ પ્રાયમરી સ્કૂલ, સમાજ સુરક્ષા ખાતા ઓફિસ, બહુમાળી ભવન, વગેરે પ્રતિષ્ઠિત સ્થળોએ પ્રદર્શન સાથે વેચાણ કરેલ, સાથે સેરેબ્રલ પાલ્સી, ઓટિઝમ, બહુવિધ દિવ્યાંગતા વિશે પત્રિકાઓ વહેંચી જાગૃતતા ફેલાવી હતી. જેઓને પ્રોત્સાહિત કરવા માનદમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, ટ્રેઝરર શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકી વિગેરેએ ખાસ મુલાકાત લીધી હતી.

# કે. એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ



ધીરૂભાઈ ધંધુકિયા

## ગુરુપુર્ણિમાં પર્વની ઉજવણી




સ્કૂલમાં તા. 29 જૂલાઈના રોજ બાલમંદિર થી ધો. 12 ના તમામ બાળકો, શિક્ષકોએ શાળાના ઓડિટોરિયમમાં **ગુરૂપૂર્ણિમા** દિવસની ઉજવણી કરી હતી. આ કાર્યક્રમમાં નાના-નાના ભૂલકાંઓ ફેન્સી ડ્રેસ પહેરીને આવ્યાં હતાં. સૌ પ્રથમ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાકટયથી કરવામાં આવી હતી, ત્યારબાદ શાળાના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયા અને શ્રી દક્ષાબેનનું પૂષ્પગુચ્છથી નાની બાલિકાઓ દ્વારા સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ પ્રથમ ગુરૂ આચાર્ય અને શિક્ષકોનું શાળાના દરેક બાળકો દ્વારા પણ ગુરૂ પ્રત્યેના આદરને ચરિતાર્થ કરતા, કુમકુમ તિલક કરી પૂજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યએ ગુરૂપૂર્ણિમાનું મહત્વ સમજાવતા કહ્યું 'અજ્ઞાનરૂપી અંધકારમાંથી જે જ્ઞાનરૂપી પ્રકાશમાં લઈ જાય તે સાચા ગુરૂ' આપણા સૌના સદનસીબે આપણને સાચા ગુરૂ મળ્યાં છે. શાળાના શિક્ષક વાજા વિવેકભાઈએ પણ જીવનમાં શિક્ષકનું મહત્વ શું છે ? તે જણાવ્યું, શિક્ષકોએ ભજન દ્વારા ગુરૂનું મહત્વ સમજાવેલ, ત્યારબાદ 9 થી 12 ની બાલિકાઓ દ્વારા 'ગુરૂવર હે' કૃતિ રજૂ કરવામાં આવેલ અને ધો. 9 માં અભ્યાસ કરતો વિદ્યાર્થી આહિર કૃણાલે ગુરૂ અને શિષ્યનું દ્રષ્ટાંત આપી, ગુરૂનું મહત્વ સમજાવેલ. આ ઉપરાંત સ્લોગન, નિબંધ અને ચિત્ર સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. અંતમાં શાળાના શિક્ષક દવે જતનભાઈ દ્વારા આભારવિધિ કરવામાં આવેલ.

## 'શિક્ષા સપ્તાહ' ઉજવણી અંતર્ગત TLM DAY

સ્કૂલમાં 'શિક્ષા સપ્તાહ' ઉજવણી અંતર્ગત તા. 22 જૂલાઈના રોજ TLM (ટીચિંગ લર્નિંગ મટીરીયલ) દ્વારા બાલામંદિર તેમજ ધો. 1 થી 12 ના વિદ્યાર્થીઓને ફલેશ કાર્ડ દ્વારા ચિત્ર સાથે સમજણ આપવામાં આવી હતી. જેમ કે ફળ, શાકભાજી, પ્રાણી, ગુજરાતી મૂળાક્ષરો, આકારોની સમજ, અંગ્રેજી મહિનાના નામ, Actions (ક્રિયાઓ), સ્વર, વ્યંજન, પદાર્થની ઓળખ, સિંચાઈ પધ્ધતિ દ્વારા અલગ વિષયની સમજણ આપવામાં આવી હતી.

## સ્પોર્ટ્સ ડેની ઉજવણી

સ્કૂલમાં 'શિક્ષા સપ્તાહ' ઉજવણી અંતર્ગત તા. 24 જૂલાઈના રોજ **સ્પોર્ટ્સ ડે**ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાલમંદિર તેમજ ધો. 1 થી 12ના વિદ્યાર્થીઓને વિવિધ રમતો જેવી કે, ખો-ખો, ભમરડો, ગિલ્લી દંડો, સાપ-સીડી, ચેસ, સંગીત ખુરશી, લંગડી, પાચિકા, ધમાલ ધોકો, સાત કુંડાળા, આંધળો પટ્ટો, લાંબી કૂદ, દોડ વગેરે સ્વદેશી રમતનું આયોજન કરી રમાડવામાં આવેલ. આ દરેક રમતથી વિદ્યાર્થીઓને શિસ્ત, તંદુરસ્તી, ટીમ વર્ક, એકતાના મૂલ્યો સમજાવવામાં આવ્યાં હતાં.

## કારગિલ વિજય દિવસ

સ્કૂલમાં તા. 26 જૂલાઈના રોજ ધો.9 થી 12માં **કારગિલ વિજય દિવસ**ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શાળાના શિક્ષક શ્રી ગજેશભાઈ દ્વારા પાકિસ્તાન અને ભારત વચ્ચે થયેલ યુધ્ધમાં કઈ રીતે ભારતને વિજય મળ્યો, તેની વાત કરવામાં આવી. ત્યારબાદ શહીદ જવાનની યાદમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા બે મિનિટ મૌન રાખવામાં આવ્યું, તેમજ કારગિલ યુધ્ધની વિડીયો ક્લિપ બતાવવામાં આવી.

## વેક્સિનેશન



સ્કૂલમાં તા. 27 જૂલાઈના રોજ રાજ્ય સરકારની સૂચના મુજબ ધો. 5 અને ધો.10ના બાળકોનું TD (ધનુર અને ડીપ્થેરિયા)નું વેક્સિનેશન કરવામાં આવ્યું હતું. આ વેક્સિનેશન માટે ડૉક્ટરની ટીમ હાજર રહી હતી. જેમાં વાલીઓના સહકારથી અને વિદ્યાર્થીઓના સાહસથી વેક્સિનેશનનો કાર્યક્રમ સફળ રહ્યો હતો.

## આંતરરાષ્ટ્રિય વાઘ દિવસ



સ્કૂલમાં તા. 29 જૂલાઈના રોજ **વિશ્વ વાઘ દિવસ**ની ઉજવણી બાલમંદિર થી ધો. 1 થી 8ના વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરેક વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. ત્યારબાદ શાળાના શિક્ષક શ્રી દક્ષાબેન પંડયા અને પાર્થભાઈ કુવાડિયા દ્વારા લુપ્ત થતી વાઘની પ્રજાતિનું કઈ રીતે રક્ષણ કરવું ? તેની માહિતી આપવામાં આવી હતી. વાઘ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ પ્રાણીઓની ઓછી થતી પ્રજાતિને કઈ રીતે બચાવવી તે હતો.

## સ્વતંત્રતા સપ્તાહ અંતર્ગત રંગોળી સ્પર્ધા



'સ્વતંત્રતા સપ્તાહ' અંતર્ગત તા. 9 ઓગસ્ટના રોજ **રંગોળી સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો. 1 થી 8 ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. જેમાં 'હર ઘર તિરંગા' ની થીમ પર વિદ્યાર્થીઓ દ્વારા રંગોળી દોરવામાં આવી હતી. તેમાં વિદ્યાર્થીઓએ રાષ્ટ્રધ્વજ અને દેશ માટેની ગૌરવની ભાવના રંગોળી દોરીને પ્રગટ કરી હતી.

## વિશ્વ સિંહ દિવસ

સ્કૂલમાં તા. 10 ઓગસ્ટના રોજ **'વિશ્વ સિંહ દિવસ'** ની ભવ્ય ઉજવણી, ધો. 1 થી 12 ના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી. જેમાં સિંહના મહોરા પહેરીને મહારેલી કાઢવામાં આવી હતી. મહારેલીમાં સિંહને લગતા નારાઓ જેવા કે, 'શેરીએ શેરીએ એક જ નારો, ગીરનું ગૌરવ સાવજ અમારો', 'ગલી ગલી મેં ગુંજે નાદ, ગીરનો સાવજ જિંદાબાદ' સાથે વાતાવરણ ગુંજી ઉઠયું હતું.

ત્યારબાદ બધા વિદ્યાર્થીઓને ઓડિટોરિયમમાં એકઠાં કરીને શ્રી દક્ષાબેન પંડયા દ્વારા સિંહ વિશેની માહિતી આપવામાં આવી હતી. ધો. 9 અને 10ના વિદ્યાર્થીઓ દ્વારા સિંહની પ્રજાતિ વિશે માહિતી આપવામાં આવી અને સિંહનો વિડીયો બતાવવામાં આવ્યો હતો. અંતમાં એશિયાઈ સિંહના સંરક્ષણ માટેની પ્રતિજ્ઞા, શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા લેવામાં આવી હતી અને આવનારી પેઢીઓ માટે તેમનું જતન કરીએ, એવી શુભેચ્છા આપવામાં આવી હતી.

**નોંધ : ઉપરોકત તમામ કાર્યક્રમોનું આયોજન શાળાના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયા તથા શ્રી દક્ષાબેન પંડ્યાના માર્ગદર્શન નીચે શિક્ષકગણ દ્વારા કરવામાં આવ્યું હતું.**

### નટરાજ સી.પી. સ્કૂલ દ્વારા

# જન્માષ્ટમી કાર્યક્રમની ઉજવણી



તા. 15/08/2024ના રોજ જન્માષ્ટમીની ઉજવણીનું આયોજન નટરાજ ઓડિટોરીયમ ખાતે કરવામાં આવ્યું હતું, સંસ્થાના માનદમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ અને આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકીના અધ્યક્ષસ્થાને કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યાર બાદ નટરાજ ઓડિટોરીયમને શ્રીકૃષ્ણમય બનાવવા TTC (MD)ના દ્વિતીય વર્ષના તાલીમાર્થી શ્રી ભવ્ય મહેતાએ ભજન પ્રસ્તુત કર્યુ હતું. શ્રીકૃષ્ણ પ્રત્યેની પોતાની આહ્લાદક લાગણીઓને દિશા કમ વિકાસ પ્રોજેકટના નાના ભૂલકાંઓએ રેકોર્ડ ડાન્સ 'કનૈયા મોરલીવાળા રે...' દ્વારા શ્રીકૃષ્ણ સક્ષમ રજૂ કરેલ. સર્વત્ર શ્રીકૃષ્ણ સ્વરૂપના દર્શન કરાવતા ઓટિઝમ પ્રોજેકટ તથા સી.પી. સ્કૂલ અને દિશા કમ વિકાસ પ્રોજેકટના બાળકોએ શ્રીકૃષ્ણની અલૌકિક રૂપની ઝાંખી કરાવી... જન્માષ્ટમી આધારિત ફેન્સી ડાન્સ, ફેશન શો રજુ કરેલ. આ સાથે ભગવાન સર્વ શક્તિમાન શ્રીકૃષ્ણના જીવન મૂલ્યો દર્શાવતી નૃત્ય નાટિકા TTC (MD) પ્રથમ વર્ષના તાલીમાર્થીઓએ રજૂ કરી, વાતાવરણને દ્વારકામય બનાવી દીધું હતું. આ સાથે દિશા કમ વિકાસ પ્રોજેકટના દિવ્યાંગ વિદ્યાર્થીઓના વાલીશ્રીઓ દ્વારા 'બાંકે બિહારી લાલ...' રાસ રજૂ કરી વૃંદાવનની પ્રતિતી કરાવી હતી.

ત્યાર બાદ સંસ્થાના માનદમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા સમગ્ર પૃથ્વીનાં પાલનહાર એવા શ્રી કૃષ્ણને દીપ પ્રગટાવી, મટકી ફોડી, શુભેચ્છાઓ પાઠવી. આ સાથે આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકીએ પણ પારણાં ઝુલાવી, ઉપસ્થિત સૌ કોઈને જન્માષ્ટમીની બધાઈ આપી હતી. સમગ્ર ઓડિટોરીયમ "નંદ ઘેર આનંદ ભયો... જય કનૈયા લાલકી" ના નાદ સાથે ગુંજી ઉઠયો હતો અને હર કોઈ ક્રિષ્નાના જન્મની લાગણી અનુભવી, ઓતપ્રોત થયેલું નજરે પડયું હતું. આ કાર્યક્રમનું સંચાલન વિભૂતિબેન વ્યાસે કરેલ અને આભાર વિધી શ્રી જીજ્ઞાબેન સોલંકીએ કરી હતી.

આ સાથે સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર સી.પી. ડિપાર્ટમેન્ટ સ્ટાફે સંપૂર્ણ સહયોગથી પોતાની ફરજ બજાવી હતી.

# 'ચાલો વાગોળિયે સંસ્મરણો'

## સંસ્થાના 60 વર્ષ દરમ્યાન શ્રવણમંદ બાળકો સાથે ઓતપ્રોત થઈ ગયેલા શિક્ષકવૃંદ સાથે ગોષ્ઠીનું આયોજન કરવાનો શ્રી બાબાભાઈનો વિચાર મૂર્તિવંત થયો...



ડૉ. કવિતા શાહ

શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળાની સ્થાપના 1960માં થઈ. ત્યારથી આજ સુધી જે ગુરૂજનોએ પોતાના જ્ઞાનના ભંડાર થકી શ્રવણમંદ બાળકોને શિક્ષણ આપી પુનઃસ્થાપન સુધીની સફરમાં પોતાનું યોગદાન આપ્યું હતું. તે સૌ સાથે સ્નેહમિલન નિસ્બત ફાઉન્ડેશન ટ્રસ્ટના નેજા હેઠળ યોજવામાં આવ્યું હતું. આ સ્નેહમિલનનો મુખ્ય હેતુ ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી બાબાભાઈ સાથે સંસ્મરણો વાગોળવાનો હતો. સાથો-સાથ બધા જુના સાથીઓના ખબર અંતર જાણવા અને કોણ કયાં છે ? તેમના પરિવારમાં કોણ છે ? અને નિવૃત્ત જીવન કેવી રીતે વહન કરી રહ્યાં છે ? વગેરે જાણવાનો હતો. ઉપરાંત શ્રી કુસુમબહેન અને શ્રી મૃદુલાબેનના માર્ગદર્શન હેઠળ સિનિયર શિક્ષકોની શિક્ષણ પધ્ધતિ વિશે જાણકારી મેળવવાનો હતો.



તા. 3 ઓગસ્ટ-2024ની સાંજ, સાથી શિક્ષક મિત્રો શ્રી કીર્તિદિવસિંહ, શ્રી વૈશાલીબેન, શ્રી ફાલ્ગુનીબેન, શ્રી રેશ્માબેન વગેરેના કંઠે, કરાઓ કે દ્વારા ગીત, સંગીત અને ગરબાની રમઝટથી સૌ આનંદિત થયા.

ત્યારબાદ તા. 4 ના શ્રી બાબાભાઈ, શ્રી કુસુમબેન અને શ્રી મૃદુલાબેન જેઓ સાથે ઓફલાઈન અને ઓનલાઈન જોડાઈ શિક્ષક મિત્રોએ પોતાના અનુભવ જણાવતા કહ્યું કે :

- "અમોને હાલ અમારા પિયર આવ્યા હોય તેવી અનુભૂતિ થાય છે."
- "આ શાળા થકી આજે પોતે અને પોતાનો પરિવાર ખૂબ જ ખુશ છે."
- "સ્ત્રી કર્મચારીઓ માટે નિર્ભય વાતાવરણ શાળાનું આગવું પાસું રહ્યું છે. જેથી અમારા પરિવારે દિવસ-રાત કાર્ય કરવા માટે સંમતિ આપી."
- "શિક્ષકો પોતાના શૈક્ષણિક અનુભવોને સ્વતંત્રતાથી, પોતાની કાર્યપધ્ધતિમાં આકાર આપી શકતા હતાં, તેથી આ કાર્ય, શાળા માટેનું ગૌરવ સ્થાપિત થયું !"
- "આ સંસ્થાનો વહિવટ ચોખ્ખો છે. કોઈ લાંચ રૂસ્વત જેવું દુષણ નથી. તે તેનું જમા પાસું રહ્યું છે."
- "અમે વર્ષો સુધી સંસ્થા અમારા બાળકો સાથે ઓતપ્રોત થઈને કશાજ ટેન્શન વગર કાર્ય કર્યું હતું."
- "આ સંસ્થામાં કામ કરવું એ સમાજમાં એક મોભો ગણાતો."
- "સંસ્થામાં એક પરિવારની જેમ અમે રહ્યા. એક બીજાના સુખ દુઃખના ભાગીદાર બન્યા. અત્યારે ઘણા સુખી છીએ. વિતેલા એ દિવસોની સ્મૃતિ વાગોળીએ છીએ ત્યારે આંખમાંથી હર્ષના આંસુ સરી પડે છે."

આવા સંસ્મરણો, આપણી સંસ્થા માટે ખૂબજ ગૌરવની વાત છે. શ્રી ગિરીશભાઈ શાહના પ્રમુખ સ્થાને અને વડિલ શ્રી બાબાભાઈ (અનંતભાઈ) શાહ, શ્રી પંડયાભાઈ, શ્રી અમિતભાઈ, શ્રી જીતુભાઈ વગેરેની ઉપસ્થિતિમાં અમારા સર્વેના વડિલ એવા ગુરૂજન શ્રી મૃદુલાબેન મનોહરભાઈ દેસાઈ, જેઓ લગભગ શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા સાથેની સફરમાં 4 દાયકાથી જોડાયેલાં છે. આ સફળ સફરમાં તેઓએ સ્પેશિયલ શિક્ષક તૈયાર કરવા માટે કોલેજમાં પ્રોફેસર તરીકે ઘણા વર્ષો પોતાની સેવા આપી. શ્રવણમંદ બાળકો માટે મેથ્સ સાઈન્સમાં સબ્જેકટ ટિચરના તેઓ હિમાયતી રહ્યાં. માતાઓને મધર ટ્રેનિંગ દ્વારા માર્ગદર્શન આપી, સમાજના પડકારો સામે હામ ભીડવા સક્ષમ બનાવી. કોરોનાકાળ જેવી વિકટ પરિસ્થિતિમાં "અર્લી ઈન્ટરવેન્શન" પ્રોગ્રામ દ્વારા સિનિયર શિક્ષકોએ એજ્યુકેશન આપી, શ્રવણમંદ બાળકોનું નોર્મલ શાળામાં રિહેબિલિટેશન કરવાના વિચારો ધરાવતા, અડગ મનના માનવીય અભિગમ ધરાવતા અને પોતાના કાર્ય પ્રત્યે અપાર નિષ્ઠા, ધરાવતા વડિલ શ્રી મૃદુલાબહેન હવે પોતાના પુત્ર (સિધ્ધાર્થભાઈ) પાસે યુ.કે. જતા હોવાથી, તેમના શિષ્યો દ્વારા 'લાગણીના પુષ્પો' રૂપી મોમેન્ટો અને શાલથી સન્માનિત કરવામાં આવેલ. સાથો-સાથ સંસ્થાના ટ્રસ્ટી મંડળે પણ શાલ અને પુષ્પગુચ્છથી સન્માનિત કરેલ. 'ચાલો વાગોળિયે સંસ્મરણો' કાર્યક્રમને સફળ બનાવવા સર્વે શિક્ષક મિત્રોએ જહેમત ઉઠાવી હતી. અને નટરાજ કેમ્પસની સુવિધા માટે શ્રી પારસભાઈ શાહ અને ટીમનો આભાર વ્યકત કર્યો હતો. આ કાર્યક્રમ હંમેશા માટે યાદગાર રહેશે.

# PNR હોસ્પિટલ



## જુલાઈ 2024 દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.

મહાસુખ ઝકડિયા

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | પ્રોસિજર | ઓપરેશન |
|---|---|---|---|
| ■ ઓર્થોપેડિક | 245 | 17 | 04 |
| ■ આંખ | 1347 | - | 380 |
| ■ છારી | 53 | - | - |
| ■ ઈ.એન.ટી. | 494 | 229 | 11 |
| ■ હેર ટ્રાન્સપ્લાન્ટ | 35 | - | 12 |
| ■ આર્થોસ્કોપી | 41 | - | - |
| ■ ડેન્ટલ | 185 | 199 | - |
| ■ લેબોરેટરી | 495 | 1791 (ટેસ્ટ) | - |
| ■ પીડિયાટ્રિક ડેન્ટલ | 11 | 20 | - |
| ■ ચામડી | 64 | 03 | - |

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા |
|---|---|
| ■ જનરલ ઓપીડી | 737 |
| ■ એક્ષ-રે | 125 |
| ■ આંખના પડદા | 35 |
| ■ M. D. ફિઝીશ્યન | 35 |

આ માસ દરિમયાન કુલ 4992 દર્દીઓએ સારવારનો લાભ લીધો હતો.

આ મહિનામાં સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ 156 લાભાર્થીઓએ રૂા. 70,075/- ની સહાય મેળવેલ છે તથા મહાવીર મેડિકલ સહાય નીચે કુલ 08 લાભાર્થીઓએ રૂા. 6,805/- ની સહાય મેળવેલ છે.

# પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર



જીજ્ઞેશ પારેખ

## પ્લાસ્ટિક સર્જરી કેમ્પ

તા. 1 થી 5 જૂલાઈ 2024ના રોજ કોન્જીનીટલ ડિફોરમિટી પ્રોજેકટ અન્વયે, પ્લાસ્ટિક સર્જરી કેમ્પનું આયોજન, દાતાશ્રી ઈમ્પેકટ ફાઉન્ડેશન-યુ.કે. ના આર્થિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં જન્મજાત ખામીવાળા જરૂરિયાતમંદ 37 બાળકોની તપાસ ડૉ. નરેશ વાઘવા (પ્લાસ્ટિક સર્જન) દ્વારા કરવામાં આવી હતી. તે પૈકી 4 કપાયેલાં હોઠ, 3 તાળવામાં કાણું અને 7 હાઈપોસ્પેડિયા એમ કુલ 14 ઓપરેશન કર્યા હતાં. આ કેમ્પ ડૉ. નરેશ વાઘવા (પ્લાસ્ટિક સર્જન), ડૉ. નિરવ ધોળકિયા અને ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક) તથા હોસ્પિટલના નર્સિંગ સ્ટાફની જહેમતથી સફતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## ઈમ્પેકટ ફાઉન્ડેશન-યુ.કે. ડેફનેસ બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેકટ

સંસ્થા દ્વારા પ્રવીણચંદ્ર દલાલ ડિસેબલ્ડ પ્રિવેન્શન સેન્ટરમાં વર્ષ 2024-25માં ઈમ્પેકટ ફાઉન્ડેશન-યુ.કે. ના આર્થિક સહયોગથી આ પ્રોજેકટ શરૂ કર્યો છે. આ પ્રોજેકટમાં વર્ષ દરમિયાન એક લાખ બાળકોની આંખ અને કાનની પ્રાથમિક તપાસ કરી, રિફ્રેક્ટિવ એરરવાળા બાળકોને વિનામૂલ્યે ચશ્મા વિતરણ, તેમજ ત્રાંસી આંખ, ઢળેલી પાંપણ, બાળ મોતિયો, તેમજ કાનમાં ઈયર ડિસચાર્જ બાળકોને ડૉકટર દ્વારા નિદાન કરી, તેની સારવાર (સર્જરી) વિનામૂલ્યે કરી આપવામાં આવશે.

જૂલાઈ 2024 દરમિયાન ભાવનગર નગર સંચાલિત પ્રાથમિક શાળાની વિવિધ પ્રાથમિક શાળાઓમાં 22221 બાળકોનું પ્રાઈમરી સ્ક્રિનિંગ કરવામાં આવ્યું, તેમાંથી આંખની વિવિધ તકલીફવાળા 1429 બાળકો મળ્યાં અને કાનની વિવિધ તકલીફવાળા 878 બાળકો જોવા મળ્યાં હતાં.

ENT કેમ્પ તા. 10-7 ના રોજ PNR હોસ્પિટલ ખાતે અને તા. 31-7 ના રોજ ત્રાપજ કેન્દ્ર વર્તી સ્કૂલમાં એમ કુલ બે કેમ્પ કરવામાં આવ્યા હતા. જેમાં ડૉ. અશોકભાઈ બારૈયા (ENT સર્જન) એ 68 બાળકોને તપાસી પ્રિસ્ક્રાઈબ કર્યા, તે મુજબ દવા આપવામાં આવી હતી. કાનની તકલીફવાળા બાળકોને PNR હોસ્પિટલમાં વધારાની ટ્રીટમેન્ટ માટે રિફર કર્યા હતાં, તેમાંથી સંસ્થાની હોસ્પિટલમાં ડૉ. ઉદિતરાજ ચાવડા અને ડૉ. અશોકભાઈ બારૈયા (ENT સર્જન) Tympanoplasty અને Mastoidectomy With Tympanoplasty દ્વારા 11 સર્જરી સફળતાપૂર્વક કરી આપવામાં આવી હતી.

# શ્વાસ, ફેફસાના રોગ અંગે નિદાન-સારવાર કેમ્પ યોજાયો



PNR હોસ્પિટલ દ્વારા ઋષિભાઈ એન. ચલાળિયાના સહયોગથી શ્વાસ, ફેફસાના રોગ અંગે નિદાન કેમ્પ યોજાયો હતો. ડૉ. કૈવત એસ. પટેલે (ફેફસાના રોગના નિષ્ણાત) આ કેમ્પમાં સેવા આપી હતી. ભાવનગર વૃધ્ધાશ્રમના વડિલો તથા અન્ય મળી 20 દર્દીઓના નિદાન, લેબોરેટરી રિપોર્ટ તથા એક્સ-રે સહિતના ટેસ્ટ નિઃશુલ્ક કરી આપવામાં આવ્યાં હતાં. આ કેમ્પ પ્રસંગે હોસ્પિટલના ચેરમેન શ્રી મહાસુખભાઈ જકડિયા, ટ્રસ્ટી શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા તથા ચલાળિયા પરિવાર ઉપસ્થિત રહ્યાં હતાં. વૃધ્ધાશ્રમના વડિલો સાથે શ્રી નિલેશભાઈ ચલાળિયાએ ખાસ હાજર રહી સેવા આપી હતી.

# એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટ



સુકેતુ શાહ

## દિવ્યાંગોને ટ્રેનિંગ માટે લેપટોપ અપાયાં



PNR સોસાયટી સંચાલિત AT&T દ્વારા, દિવ્યાંગોને પગભર કરવા છેલ્લાં 24 વર્ષથી કોમ્પ્યુટર ટ્રેનિંગ દ્વારા વિવિધ કોર્સના અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે, જેમાં ભાવનગર જિલ્લાના તાલુકા અને ગ્રામ્ય વિસ્તારમાં લેપટોપ દ્વારા ઓનલાઈન ટ્રેનિંગ આપવામાં આવે છે. તા. 24-7 ના રોજ આ ઈન્સ્ટિટ્યુટ દ્વારા ઉમરાળા તાલુકાના 23 દિવ્યાંગોને ઓનલાઈન ટ્રેનિંગ માટે ઉપયોગ કરવા લેપટોપ, ડોંગલ, પુસ્તકો વિગેરે આપવાનો કાર્યક્રમ સંસ્થામાં યોજાયો હતો. જેમાં સેક્રેટરી જનરલ શ્રી પારભાઈએ આ ટ્રેનિંગને સાર્થક અને પરિણામલક્ષી બનાવવા ઉપસ્થિત તાલીમાર્થીઓને અપીલ કરી હતી.આ પ્રસંગે સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી બાબાભાઈ અને શ્રીમતી ઈલાબેન, માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, ટ્રેઝરર શ્રી હર્ષકાન્તભાઈ રાખશિયા, હોસ્પિટલ કમિટીના ચેરમેન શ્રી મહાસુખભાઈ ઝકડિયા, સિનિયર એક્ઝિક્યુટિવ શ્રી સુકેતુભાઈ શાહ, કોર્સ કો-ઓર્ડિનેટર શ્રી મેહુલભાઈ બુધેલિયા વિગેરે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે લેપટોપ વિગેરે વિતરણ કરાયું હતું.

# અંબા સી.પી. હોસ્ટેલ જૂલાઈ-ઓગસ્ટ 2024



લાલજી પંડયા

- નીચેના મહાનુભાવોએ હોસ્ટેલના બાળકોને પોતાના પરિવારના સભ્યોના જન્મદિન, મેરેજ એનિવર્સરી કે દિવંગત સ્નેહીની તિથિ નિમિત્તે ભોજન / નાસ્તો કરાવેલ.

### ભોજન / મિષ્ટાન

- તા. 16-7 ના રોજ શ્રી આશિષભાઈ અજવાળિયા તરફથી...
- તા. 20-7 ના રોજ શ્રી મયુરસિંહ ગોહિલ તરફથી...
- તા. 20-7 ના રોજ શ્રી શૈલેષભાઈ ધામેલિયા તરફથી...
- તા. 23-7 ના રોજ શ્રી શકુંતલાબેન પરમાર તરફથી...
- તા. 25-7 ના રોજ શ્રી ભાવિનભાઈ શાહ તરફથી...
- તા. 26-7 ના રોજ શ્રી કિશનભાઈ ચાવડા તરફથી...
- તા. 28-7 ના રોજ ડૉ. દિપક ગજીવાલા તરફથી...
- તા. 28-7 ના રોજ શ્રી સંદિપભાઈ ચૌહાણ તરફથી...
- તા. 29-7 ના રોજ લાયન ગ્રુપ-જામકંડોરણા તરફથી...
- તા. 31-7 ના રોજ શ્રી મુકેશભાઈ વરમોરા તરફથી...
- તા. 08-8 ના રોજ જય સોમનાથ ટ્રસ્ટ તરફથી...
- તા. 10-8 ના રોજ શ્રી પ્રતીકભાઈ નાવડિયા તરફથી...
- તા. 15-8 ના રોજ શ્રી કમલેશભાઈ ચૌહાણ તરફથી...

### નાસ્તો

- તા. 16-7 ના રોજ શ્રી જયપાલસિંહ વાઘેલા તરફથી...
- તા. 20-7 ના રોજ શ્રી સચિનભાઈ પારેખ તરફથી...
- તા. 21-7 ના રોજ શ્રી આકાશભાઈ ડાંખરા તરફથી...
- તા. 26-7 ના રોજ શ્રી મુકેશભાઈ વરમોરા તરફથી...
- તા. 28-7 ના રોજ શ્રી સમીરભાઈ શાહ તરફથી...
- તા. 01-8 ના રોજ એક શુભેચ્છક તરફથી...
- તા. 02-8 ના રોજ એક શુભેચ્છક તરફથી...
- તા. 06-8 ના રોજ શ્રી મહાવીરસિંહ ઝાલા તરફથી...
- તા. 11-8 ના રોજ શ્રી ભાવિકાબેન પરમાર તરફથી...
- તા. 15-8 ના રોજ શ્રી જલ્પાબેન કંકોશિયા તરફથી...



# શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા પ્રાથમિક વિભાગ



ગજાનંદભાઈ ભટ્ટ

## શ્રવણયંત્ર વિતરણ કાર્યક્રમ

શાળામાં અભ્યાસ કરતા શ્રવણમંદ વિદ્યાર્થીઓ પૈકી 16 વિદ્યાર્થીઓને બી.ટી.ઈ. શ્રવણયંત્ર વિતરણ કરવામાં આવ્યાં. આ શ્રવણયંત્ર મધુસિલીકા પ્રા. લિ. તરફથી મળેલ CSR ડોનેશન અંતર્ગત, દાતા શ્રી રમેશભાઈ શાહ અને શ્રી વસુબેન શાહના વરદ હસ્તે અર્પણ કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમની શરૂઆતમાં શાળાના બાળકોએ તેમની સાઈન લેંગ્વેજમાં પ્રાર્થના કરી અને નાના-નાના ભૂલ્કાઓએ ‘‘મારા પ્રભુજી નાના’’ ની સુંદર સાંસ્કૃતિક કૃતિ રજૂ કરી, સૌને ભાવવિભોર કર્યાં હતાં. ત્યારબાદ દાતાશ્રીના હસ્તે બધિરોના ઉજ્જવળ ભવિષ્યના પ્રતીકરૂપ દીપ પ્રગટાવેલ. મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ શાબ્દિક સ્વાગત પ્રવચનની સાથો-સાથ દાનની વિગત અને સંસ્થાની કાર્ય પ્રવૃત્તિની માહિતી આપી. 16 બાળકોને દાતાશ્રીના વરદહસ્તે શ્રવણયંત્ર અર્પણ કરવામાં આવ્યાં. દાતાશ્રી રમેશભાઈ તથા વસુબેનનું બાળકો દ્વારા તૈયાર કરેલ હેન્ડીક્રાફટ આર્ટીકલથી શ્રી જીતુભાઈ શાહ તથા શ્રી આનંદભાઈ શાહના હસ્તે સ્વાગત કરાયું. દાતાશ્રીએ પોતાના શાબ્દિક પ્રવચનમાં આ બધિર બાળકોના કામમાં સહભાગી થવાનો મોકો મળ્યાં બદલ અહોભાવ વ્યકત કર્યો હતો. કાર્યક્રમના અંતે ખજાનચી શ્રી જીતુભાઈ શાહે આભારની લાગણી વ્યકત કરી હતી. ઉદ્‌ઘોષણા શ્રી પ્રિતીબેન જોષીએ કરેલ. કાર્યક્રમને સફળ બનાવવા આચાર્યશ્રી અને સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

## વિશ્વ સિંહ દિવસની ભવ્ય ઉજવણી



શાળાના શ્રવણમંદો દ્વારા તા. 10-8 ના રોજ **વિશ્વ સિંહ દિવસ** પ્રસંગે સિંહના જુદા-જુદા બેનર સાથે શાળાના પ્રાર્થના રૂમમાં સિંહ વિશે માહિતી આપવામાં આવી. આ દિવસે શ્રવણમંદ બાળકોએ સિંહના મહોરા પહેરીને વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીમાં શ્રવણમંદ બાળકોએ ‘પર્યાવરણ બચાવો, સિંહ બચાવો’ ના સ્લોગન, બેનર સાથે શાળાએથી વિદ્યાનગર વિસ્તારમાં રેલી કાઢી હતી. આજના આધુનિક યુગમાં પર્યાવરણનું રક્ષણ કરવું ખૂબ જ જરૂરી છે. સમગ્ર એશિયામાં ગુજરાત રાજયમાં, મહદ અંશે સાસણગીરમાં જોવા મળતા હતાં. પરંતુ હાલ સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગર જેવા અગિયાર જિલ્લાઓમાં સિંહ વસવાટ કરે છે, તે આપણા ગુજરાતીઓ માટે ગૌરવની વાત છે. છેલ્લાં ઘણાં વર્ષથી રાજ્ય સરકારે સિંહના રક્ષણ માટે જન જાગૃતિ અને વિશ્વ સિંહ દિવસ ઉજવવાનું શરૂ કર્યું છે. તેના કારણે ઉત્તરોત્તર સિંહની સંખ્યામાં વૃધ્ધિ થઈ રહી છે, જે પર્યાવરણ માટે આવકારદાયક સ્થિતિ ગણી શકાય. જનજાગૃતિ રેલીમાં સંસ્થાના આચાર્યશ્રી, સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં જોડાયાં હતાં.

## તાલીમ મેળવેલ તથા નવા તાલીમ લેવા ઈચ્છુક વાલી સભાનું આયોજન

શ્રી શાહ ખી.લ.બહેરાં-મૂંગા શાળા, ભાવનગર ખાતે વરસોવરસ ચાલતા **મધર ટ્રેનિંગ પ્રોગ્રામ** અંતર્ગત તા. 25-7 ના રોજ તાલીમના કો-ઓર્ડિનેટર શ્રી ફાલ્ગુનીબેન મકવાણા તથા શાળાના ભૂતપૂર્વ અનુભવી શિક્ષક શ્રી દક્ષાબેન સવજીયાણીના સંયુકત પ્રયાસથી, તાલીમ લીધેલા વાલીઓની એક બેઠક ગોઠવાઈ ગઈ. જેમાં હાજર રહેલા દરેક વાલીએ પોતાના બાળક માટે આવી તાલીમ કેટલી ઉપયોગી નીવડી તથા તાલીમથી થયેલ ફાયદાઓની વાત કરી. શ્રી ફાલ્ગુનીબેન મકવાણા તથા શ્રી દક્ષાબેન સવજીયાણીએ વાલીઓને ભવિષ્યમાં પણ તેઓના શ્રવણમંદ બાળકોને વ્યવસ્થિત, ઘરે કેવી-કેવી રીતે અભ્યાસમાં મદદરૂપ થઈ શકાય ? તેનું માર્ગદર્શન આપ્યું. આ પ્રસંગે પ્રાથમિક શાળાના આચાર્યશ્રી પણ હાજર રહ્યાં હતાં.

## શિવમંદિરની મુલાકાત

તા. 5-8 ના રોજ શ્રાવણિયો સોમવાર, શ્રાવણ મહિનાના પ્રથમ દિવસે આપણી શાળાના 3 વર્ગો બાળવર્ગ-1, બાળવર્ગ-2 અને બાલવાટિકાના 18 બાળકો સાથે 4 શિક્ષકો અને પટ્ટાવાળા બેન સાથે શિવ મંદિર વિદ્યાનગરની મુલાકાત લીધી. શૈક્ષણિક વિકાસના ભાગરૂપે મંદિરમાં થતી ક્રિયા તેમજ પ્રતિક્રિયા સમજે, ઓળખે, અનુભવે તેવા આશયને ધ્યાનમાં રાખી બાળકોનો સામાજિક વિકાસ સાધવાના હેતુઓ જળવાય, તેવા અર્થે આપણી શાળા દ્વારા સ્થળ મુલાકાત આયોજન કરવામાં આવે છે. મંદિરમાં શિવપૂજા, શિવલિંગ પર પાણી અને દૂધનો અભિષેક કરવો, ફૂલ, ફળ, બિલીપત્ર ચડાવવા, તેમજ પ્રસાદ ધરાવવો, તેની પ્રત્યક્ષ સમજ આપી, મંદિરના પૂજારીએ બાળકોને પ્રસાદમાં ચેવડો આપ્યો. તેમજ દર્શન અને પૂજા પૂર્ણ કરી, મંદિર પાછળના મેદાનમાં રમત રમાડી બાળકોને ખૂબ મજા કરાવી. મેદાનમાં આવતા કબૂતરોને બાળકોના હાથે દાણા આપી, પંખીના ખોરાકની સમજ કેળવી. બધા જ સવારે 9-15 થી 10:20 સુધીના સમયમાં ચાલીને વિદ્યાનગર આવેલ. શિવમંદિરની પૂજા, દર્શન અને આશીર્વાદ લઈ શાળાએ પરત આવ્યાં.

## રાખડી પ્રદર્શન

શાળાના પ્રાથમિક વિભાગના ઉપક્રમે, તા. 3-8 ના રોજ શ્રી અટલ બિહારી વાજપેયી પ્રા.શાળા નં. 38માં યોજાયેલ બાળમેળો 'લાઈફ સ્કીલ' અંતર્ગત, આપણી શાળાની શ્રવણમંદ બે વિદ્યાર્થીની 1. સાક્ષિબા ગોહિલ અને 2. મનીષા બાંભણિયાએ સુંદર રાખડી બનાવી અને સાથે-સાથે તે સ્કૂલના વિદ્યાર્થીઓને રાખડી બનાવતા શીખવી. તેમાં આપણી સ્કૂલ દ્વારા તૈયાર કરેલ રાખડીનું પ્રદર્શન રાખવામાં આવેલ. માર્ગદર્શન મીનાબેન રૂપેરાએ પૂરું પાડેલ. આ પ્રસંગે આચાર્યશ્રી ઈન્દ્રીશભાઈ તથા કોર્પોરેટર શ્રી ભાવનાબેન બારૈયાએ આપણી શાળાની વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરેલ.

# શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળામાં યોજાયેલ ધ્વજવંદન કાર્યક્રમ

શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા-ટ્રસ્ટ સંચાલિત પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, તેમજ કોલેજ વિભાગ દ્વારા શાળાના મેદાનમાં 78મા સ્વાતંત્રતા દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના મદદનીશ શિક્ષક શ્રી અશોકભાઈ ખાટસુરિયા અને શ્રી સેજલબે મહેતાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. શ્રી અશોકભાઈએ પોતાના શાબ્દિક પ્રવચનમાં દરેક વ્યક્તિને જે કામ મળ્યું છે, તેને પોતાની વાત કહી હતી. તેમજ શ્રી સેજલબેને પણ પોતાના ઉદ્બોધનમાં સૌએ સાથે મળીને દેશ હિતના કાર્યોમાં સહભાગી થવાની વાત જણાવી.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ, ખજાનચી શ્રી જીતુભાઈ શાહ, સહમંત્રી શ્રી અમિતભાઈ શાહ, શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી રાજુભાઈ હકાણી, શ્રી આનંદભાઈ શાહ, શ્રી મીતાબેન, શ્રી સૂર્યકાંતભાઈ, તેમજ બંને વિભાગના આચાર્યશ્રીની હાજરી પ્રોત્સાહક રહી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી વૈશાલીબેન શુકલએ કરેલ, તેમજ આભારવિધિ શ્રી શૈલેષભાઈ દવેએ કરી હતી.


# શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા મહેતા છાત્રાલય


સ્નેહાબેન જોશી

- તા. 7-7ના રોજ રથયાત્રામાં ભગવાનશ્રી જગન્નાથજીના દર્શન કરવા છાત્રાલયના બધાજ બાળકોને લઈ ગયેલ. બાળકોને અલગ-અલગ ટ્રકોમાંથી, કંઈક ને કંઈક જાણવા મળેલ અને બાળકોએ રથયાત્રા શરૂ થઈ ત્યારથી પૂર્ણ થયેલ ત્યાં સુધી ઉત્સાભેર આનંદ મેળવ્યો હતો.
- તા. 18-7 ના રોજ દાતાશ્રી અનિલભાઈ પંડયા (ઈસ્કોન) ના જન્મદિવસે બાળકોને મિષ્ઠાન/ભોજન કરાવેલ. બાળકોએ તેમની પાસે કેક કપાવી અને તેઓએ બનાવેલ ગીફ્ટ આપીને, જન્મદિવસની શુભકામના પાઠવી હતી.
- તા. 21-7 ના રોજ ગુરૂપૂર્ણિમા હોવાથી છાત્રાલયના બાળકોને ગુરૂપૂર્ણિમાનું મહત્વ સમજાવેલ. કોઈ પણ વ્યક્તિ પાસેથી જીવનમાં કંઈક શીખવા સમજવા મળે, તેને ગુરૂ કહી શકાય તેવી વાત કરેલ. છાત્રાલયના દરેક એટેન્ડન્ટ બહેનોને કુંમકુમ તિલક કરી અને બાળકોએ આશીર્વાદ મેળવેલ હતાં.
- તા. 25-7 ના રોજ પરમ પૂજય આચાર્ય વિજયશ્રી પ્રશમચંદ્ર સૂરીશ્વરજી મહારાજની પ્રથમ પૂણ્યતિથિ નિમિત્તે, પરમ પૂજય આચાર્ય વિજય શ્રમણચંદ્ર સૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી, એક ગ્રુપ દ્વારા બાળકોને રમત-ગમતના સાધનો ભેટ આપેલ તથા છાત્રાલયના બાળકોને ફુલસ્કેપ ચોપડાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.




# શ્રી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય


ચંદાબેન પટેલ

- તા. 7-7ને રથયાત્રાના દિવસે બાળકોએ છાત્રાલયમાં સ્વાદિષ્ટ ભોજનની સાથે, શીરાનો પ્રસાદ ગ્રહણ કરી, છાત્રાલયમાંથી રથયાત્રા જોવા ગયેલા. જેમાં બાળકોએ શરૂથી લઈ ભગવાનનો રથ આવ્યો ત્યાં સુધી 12:30 થી 4:00 રથયાત્રા જોવાનો લહાવો લીધો અને રથયાત્રાના સંચાલકોને ખબર પડતા કે 'ડેફ બાળકો આવ્યા છે', તેમણે અન્ય નાગરિકોને ઉભા રહેવા કહ્યું અને ડેફ બાળકોને રથમાં આવવા અને દર્શન કરવા માર્ગ કરી આપવામાં આવ્યો. તેમજ રથમાં દર્શન કરવા ગયેલ દરેક બાળકોને પ્રસાદી પણ આપવામાં આવી. આમ આ દિવસ બાળકો માટે ખૂબજ આનંદમય રહ્યો.તા. 18-7 ના રોજ દાતાશ્રી અનિલભાઈ પંડયા તરફથી બાળકોને છોલે ચણા, પુરી, પુલાવ, ગુલાબ જાંબુ, છાશનું ભોજન કરાવેલ. જે બાળકોએ ખૂબજ પ્રેમથી ભોજન લીધેલ. તા. 21-7 ના રોજ **ગુરૂપૂર્ણિમા** નિમિત્તે બાળકોએ સી.એમ.પી. છાત્રાલયમાં આગળ આવેલ ગ્રાઉન્ડમાં, વૃક્ષારોપણ કર્યું હતું. બાળકોએ ખૂબ ઉત્સાહપૂર્વક આ કાર્યક્રમમાં ભાગ લીધેલ અને અલગ-અલગ જાતના છોડ વાવેલા, કુંડા અને ગ્રાઉન્ડમાં બધા થઈને 15 છોડનું રોપણ કરેલ છે. જેમાં વિવિધ ફૂલો અને ફળોના વૃક્ષો સામેલ કર્યા હતાં.

# શ્રીમતી મહાલક્ષ્મીબહેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા



જ્યોતિબેન ભટ્ટી

## વિશ્વ સિંહ દિવસ

દર વર્ષે તા.10 ઓગસ્ટના દિવસે ‘વિશ્વ સિંહ દિવસ’ ઉજવવામાં આવે છે. શાળામાં આ દિવસે ધો. 9 થી ધો. 12ના શ્રવણમંદ વિદ્યાર્થીઓ દ્વારા સિંહના મહોરા પહેરીને રેલી કાઢવામાં આવેલ. ત્યારબાદ શ્રી હિતેષભાઈ વ્યાસે, સરકારશ્રીના આદેશ અનુસાર સહુને સિંહના સંવર્ધન અને સંરક્ષણ માટે શપથ લેવડાવેલ. શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ સિંહોની વસ્તી, રહેઠાણ, સંવર્ધન તેમજ સિંહના સંરક્ષણ વિશે રસપ્રદ માહિતી આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે દરેક શિક્ષકોએ જહેમત ઉઠાવેલ.

## 'ICT' પ્રોજેક્ટ અંતર્ગત કોમ્પ્યુટર લેબ



શ્રવણમંદ વિદ્યાર્થીઓ માટે સરકારશ્રી દ્વારા, શાળામાં ICT પ્રોજેકટ અંતર્ગત 15 અદ્યતન કોમ્પ્યુટર સાથેની કોમ્પ્યુટર લેબ મળેલ છે. તેમજ તે માટેના ફર્નિચર માટે પણ સરકારશ્રી તરફથી વિશેષ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. ઉપરાંત નેટની સુવિધા ફ્રીમાં મળશે. હાલની ટેકનોલોજી દ્વારા શ્રવણમંદ વિદ્યાર્થીઓ શિક્ષણ સરળતાથી પ્રાપ્ત કરશે, તેમજ શૈક્ષણિક વિકાસમાં આ કોમ્પ્યુટર ખૂબ જ ઉપયોગી થશે. શાળાના સમગ્ર સ્ટાફ, તેમજ ટ્રસ્ટીશ્રીઓને આનંદની લાગણી અનુભવેલ છે, તેમજ દરેકે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવેલ છે.

## 'જ્ઞાનકુંજ પ્રોજેક્ટ' અંતર્ગતશાળામાં સ્માર્ટ ટી.વી. દ્વારા શિક્ષણ



શાળામાં, સરકારશ્રી દ્વારા **જ્ઞાનકુંજ પ્રોજેકટ** અંતર્ગત 72 ઈંચના 4 સ્માર્ટ ટી.વી. શાળાને મળેલ છે. રાજ્યનું શિક્ષણ કરવટ બદલી રહ્યું છે ત્યારે, શિક્ષણને સમૃધ્ધ કરવા વિવિધ પ્રયત્નો થઈ રહયાં છે. આ હેતુથી ટેક્નીકલ સહારે આગળવધવા માટે સરકારશ્રીના જ્ઞાનકુંજ પ્રોજેકટ દ્વારા મળેલ સ્માર્ટ ટી.વી. દ્વારા શિક્ષણ કાર્ય શાળામાં શરૂ થયેલ છે. શ્રવણમંદ વિદ્યાર્થીઓને સાંભળવાની અક્ષમતાને કારણે આ ટી.વી. દ્વારા ઓડિયો-વિઝયુઅલ ઈન્વોલ્વમેન્ટ થશે અને બાળકોની શિક્ષણની ગુણવત્તા ખૂબ સુધરશે. વર્ગખંડો સમૃધ્ધ બનશે. વિદ્યાર્થીઓનું લર્નિંગ આઉટકમ વધુ સારું બનશે. શિક્ષકો પણ ઉત્સાહભેર આ પ્રોજેકટ અંતર્ગત જોડાયેલ છે. આ પ્રોજેકટમાં લેપટોપ, પેન સાથે ઈ કન્ટેન્ટ પણ આપવામાં આવેલ છે. શાળાના દરેક શ્રવણમંદ વિદ્યાર્થીઓને આ સ્માર્ટ ટી.વી. દ્વારા શીખવાનું, સમજવાનું સરળ બનશે અને શૈક્ષણિક પ્રગતિ ખૂબ સારી થશે.

## ગુરુપૂર્ણિમા



**‘ગુરૂ બ્રહ્મા, ગુરૂ વિષ્ણુ, ગુરૂ દેવો મહેશ્વર,**
**ગુરૂ સાક્ષાત્ પરબ્રહ્મ, નમસ્તે શ્રી ગુરૂવે નમઃ’**

શાળામાં ગુરૂપૂર્ણિમાના તહેવારની ઉજવણી ભક્તિમય વાતાવરણમાં કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી તથા સ્વાગત શ્રવણમંદ વિદ્યાર્થીની શ્રી હિરલ બારૈયા દ્વારા કરવામાં આવ્યું હતું.તમામ શ્રવણમંદ વિદ્યાર્થીઓએ ગુરૂજનોને કુમકુમ તિલક કરી, ફૂલોથી વધાવી, પ્રણામ કર્યા હતાં.

દરેક ગુરૂજનોએ ખૂબ-ખૂબ આશીર્વાદ આપ્યાં હતાં. ત્યારબાદ દરેક ધોરણના વિદ્યાર્થીઓને પ્રસંગોચિત વકતવ્ય આપવા જણાવ્યું. તેમાં તેઓએ જણાવ્યું કે, ‘‘ગુરૂનું મહત્વ જીવનમાં વિશેષ હોય છે., ગુરૂ આપણને પાઠયપુસ્તકનું જ્ઞાન તો આપે જ છે, સાથે આપણાં વ્યક્તિત્વના વિકાસ અંગેનું સમગ્ર જ્ઞાન આપે છે., જીવન સાફલ્ય માટેના માર્ગદર્શક છે., આપણને જે કોઈ પાસેથી કંઈપણ શિખવા મળે તે આપણાં ગુરૂ. ગુરૂ આપણને ભગવાનનું દર્શન કરાવે છે.’’ આમ સહુએ પોત પોતાના વિચારો પ્રગટ કર્યાં હતાં. આચાર્યશ્રી શૈલેષભાઈ દવેએ સહુને આશીર્વાદ આપી ‘ખૂબ-ખૂબ સફળ થાઓ’ તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. શિક્ષક શ્રી વર્ષાબેન ચૌહાણે ગુરૂ મહિમા વિશે ખૂબ જ રસપ્રદ વાતો કરી. તેઓએ વાલ્મિકી ૠષિ વગેરે અંગેની માહિતી દ્વારા, ગુરૂની શ્રેષ્ઠતા જણાવી હતી. કાર્યક્રમનું સમગ્ર સંકલન શ્રી અનુપાબેન શાહે કર્યું. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સાઈન દ્વારા ઈન્ટરપ્રિટીંગ શ્રી જયોતિબેન બારૈયાએ કર્યું. અંતમાં આભારવિધિ શ્રવણમંદ વિદ્યાર્થીની આરતી સોલંકીએ કરી હતી.

## 'વોકેશનલ કોર્સ--IT'ની શરૂઆત


આજનો યુગ ઈન્ફોર્મેશન ટેકનોલોજી IT નો યુગ છે. આજે કોમ્પ્યુટરના ડેસ્ક બોર્ડ પર દુનિયાની તમામ માહિતી આવી જાય છે. ત્યારે શ્રવણમંદ બાળકો પ્રવર્તમાન યુગની અનિવાર્યના એવા IT નું જ્ઞાન પ્રાપ્ત કરી યોગ્ય ઉપયોગ કરતા શીખે અને ભવિષ્યમાં IT ના જ્ઞાનના આધારે વ્યાવસાયિક સજ્જતા પ્રાપ્ત કરે, તેવા હેતુસર શ્રવણમંદ બાળકોની શાળાની શાળામાં આ વર્ષથી IT/ITESનો વોકેશનલ કોર્સ શરૂ કરવામાં આવેલ છે.

NEP-2020 અંતર્ગત વિદ્યાર્થીઓ વ્યાવસાયિક સજ્જતા પ્રાપ્ત કરે તેવા ઉમદા હેતુસર, ગુજરાત સરકાર દ્વારા 2024-25માં સમગ્ર રાજયમાંથી સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાંથી પસંદગી કરીને 655 શાળાઓને વોકેશનલ કોર્સ શરૂ કરવાની મંજુરી આપવામાં આવી છે. જેમાંથી એક માત્ર શ્રવણમંદ બાળકોની સ્પે. શાળાને વોકેશનલ કોર્સ ચલાવવાની મંજુરી મળી, તે આપણા માટે આનંદ અને ગૌરવની વાત છે. આ વર્ષે ધો. 9 માં જે શરૂ કરેલ છે, જે ધો. 12 સુધી લાગુ થશે.

IT ના કોર્સ માટે વોકેશનલ ટ્રેનર તરીકે, સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર કચેરી, ગાંધીનગર દ્વારા શ્રી ઉજ્જવલાબેન આર. વ્યાસની નિમણૂંક થયેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, IT માટેની કોમ્પ્યુટર લેબ માટેનું ફર્નિચર અને વોકેશનલ ટ્રેનર પણ સરકારીશ્રી તરફથી પૂરા પાડવામાં આવેલ છે.

હાલ ધો. 9 ના 46 શ્રવણમંદ વિદ્યાર્થીઓ IT વિષયના પાઠયપુસ્તક સાથે થિયરી અને પ્રેક્ટિકલ જ્ઞાન પ્રાપ્ત કરી રહ્યાં છે. શ્રવણમંદ બાળકોને ભવિષ્યમાં પગભર થવા માટે આ કોર્સ ખૂબજ ઉપયોગી બની રહેશે. શાળાના સર્વ સ્ટાફ, તેમજ ટ્રસ્ટીશ્રીઓએ આ શરૂઆતને આવકાર્ય ગણી, વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવેલ છે.

# પી.આર.વી. વર્કશોપ



અશ્વિન જી. પંડ્યા (ચેરમેન)

- આ જૂલાઈ માસમાં અહિં ભાવનગરમાં સ્થાનિક કક્ષાએ કુલ 104 જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ છે. જેમાં લાભાર્થીઓને આશરે 122 જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, અડધો હાથ-1, અડધા પગ-4, ઓર્થોશુઝ-4, ની-બ્રેસ-10, હેન્ડ સ્પ્લિન્ટ-2, સ્પાઈનલ ઓર્થોસિસ-9, અન્ય-56, કેલિપર-4, એ.એફ.ઓ.-21, પ્લાસ્ટિક ઓર્થોસિસ-11 એમ કુલ 122 સાધનો આપવામાં આવ્યાં હતાં.
- આ જૂલાઈ માસમાં જ સંસ્થા દ્વારા કૃત્રિમ હાથ પગનો એક કેમ્પ જૂનાગઢ મુકામે યોજાયેલ. 29 લાભાર્થીઓને 29 સાધનો પૂરા પાડવામાં આવ્યાં હતાં. આ કેમ્પનું આયોજન સાંત્વન વિકલાંગ વિકાસ મંડળ તથા યુ.એસ.એ. માં રહેતા સ્વ. ભરતભાઈ શાહની સ્મૃતિમાં, શ્રીમતી જયોતિબેન શાહ દ્વારા, સંસ્થાના માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાના નેતૃત્વ નીચે આયોજન કરવામાં આવ્યું હતું.
- આ જૂલાઈ માસમાં ની-બ્રેસના કેમ્પ ચેન્નઈ, બેંગ્લોર, શીમોગા, શીરસી મુકામે તથા મુંબઈ અને હુબલી (કર્ણાટક) મુકામે યોજાયેલ. જેમાં 43 લાભાર્થીઓને 86 ની-બ્રેસો પૂરી પાડેલ હતી.

# પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપના મેમ્બર્સ દ્વારા રક્ષાબંધનની ઉજવણી



તા.20 ઓગસ્ટના રોજ ભાવનગર પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપના મેમ્બર્સ દ્વારા, રક્ષાબંધનના તહેવારની ઉજવણી નિમિત્તે 200 ફૂટ લાંબી રાખડી બનાવીને ઈતિહાસ રચ્યો ! આ સિધ્ધિ પાર્કિન્સન્સ રોગ સામે લડી રહેલા દર્દીઓની શક્તિ, એકતા અને સર્જનાત્મકતાનો પૂરાવો છે. BKPPDMDS અને PNR સોસાયટીના ઉપક્રમે ચાલતા પાર્કિન્સન્સના દર્દીઓ માટે કામ કરતી આ સંસ્થા છે, જેના દ્વારા દર રવિવારે સવારે 10:30 કલાકે ગ્રુપ થેરાપી દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે. વધુ માહિતી માટે સંપર્ક : ડૉ. ભાવિન માંડવિયા મો. 9726950909

# ભાવનગર નવજવાન સંઘ સંચાલિત,
# શેઠશ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ
## શ્રી પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલિક્લિનિક



સૂર્યકાંત ચાવડા

## શ્રી પ્રતાપરાય શામજીભાઈ પારેખની પૂણ્યતિથિ નિમિત્તે વિનામૂલ્યે તબીબી તપાસ તથા મોતિયો ઓપરેશન કેમ્પ

સ્વ. શ્રી પ્રતાપરાય શામજીભાઈ પારેખની પૂણ્યતિથિ નિમિત્તે તા. 27-7 ના રોજ વિનામૂલ્યે તબીબી તપાસ તથા મોતિયાના ઓપરેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં આંખ સર્જન ડૉ. હર્ષા મહેશ્વરી સવારે 10 થી 11 અને ડૉ. ધ્રુવિલ નાયક સાંજે 4 થી 7, દાંતના સર્જન ડૉ. વંદના દેવમુરારી, ફિઝીયોથેરાપીસ્ટ ડૉ. ચિન્મયી મજીઠિયા સવારે 10 થી 12, કાન-નાક-ગળાના સર્જન ડૉ. ઉદિત ચાવડા બપોરે 12 થી 1 સેવા આપી હતી. જેમાં 63 દર્દીઓને વિનામૂલ્યે તબીબી તપાસ કરી આપી અને જરૂરત જણાયેલ તેઓના આંખના મોતિયાના વિનામૂલ્યે ઓપરેશન કરી આપવામાં આવશે.

## વિનામૂલ્યે તબીબી તપાસ તથા મોતિયો ઓપરેશન કેમ્પ

સ્વ. શ્રી વિમળાબેન શાંતિલાલ મહેતા, સ્વ. શ્રી શાંતિલાલ હરિદાસ મહેતાની પૂણ્યતિથિ નિમિત્તે તા. 29-7 ના રોજ વિનામૂલ્યે તબીબી તપાસ તથા મોતિયાના ઓપરેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં આંખ સર્જન ડૉ. હર્ષા મહેશ્વરી સવારે 10 થી 11 અને ડૉ. ધ્રુવિલ નાયક સાંજે 4 થી 7, દાંતના સર્જન ડૉ. વંદના દેવમુરારી, ફિઝીયોથેરાપીસ્ટ ડૉ. ચિન્મયી મજીઠિયા સવારે 10 થી 12, કાન-નાક-ગળાના સર્જન ડૉ. ઉદિત ચાવડા બપોરે 12 થી 1 સેવા આપી હતી. જેમાં 35 દર્દીઓને વિનામૂલ્યે તબીબી તપાસ કરી આપવામાં આવી. તેમજ જરૂરત જણાયેલ દર્દીઓને આંખના મોતિયાના વિનામૂલ્યે ઓપરેશન કરી આપવામાં આવશે.

## વિનામૂલ્યે તબીબી તપાસ તથા મોતિયો ઓપરેશન કેમ્પ

સ્વ. શ્રી શામજીભાઈ માવજીભાઈ પારેખની પૂણ્યતિથિ નિમિત્તે તા. 31-7 ના રોજ વિનામૂલ્યે તબીબી તપાસ તથા મોતિયાના ઓપરેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં આંખ સર્જન ડૉ. હર્ષા મહેશ્વરી સવારે 10 થી 11 અને ડૉ. ધ્રુવિલ નાયક સાંજે 4 થી 7, દાંતના સર્જન ડૉ. વંદના દેવમુરારી, ફિઝીયોથેરાપીસ્ટ ડૉ. ચિન્મયી મજીઠિયા સવારે 10 થી 12, કાન-નાક-ગળાના સર્જન ડૉ. ઉદિત ચાવડા બપોરે 12 થી 1 સેવા આપી હતી. જેમાં 44 દર્દીઓને વિનામૂલ્યે તબીબી તપાસ કરી આપવામાં આવી, તેમજ જરૂરત જણાયેલ દર્દીઓને આંખના મોતિયાના વિનામૂલ્યે ઓપરેશન કરી આપવામાં આવશે.

## બાળકોના કપાયેલાં હોઠ, તાળવામાં કાણાંના ઓપરેશનનો નિઃશૂલ્ક કેમ્પ



PNR સોસાયટી અને ઈમ્પેકટ ફાઉન્ડેશન-યુ.કે. ના આર્થિક સહયોગથી તા. 4-8 ના રોજ સવારે 9 થી 1 સુધી જન્મજાત ખામીની તપાસ-સારવાર-ઓપરેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુંબઈના જાણીતા પ્લાસ્ટિક સર્જન ડૉ. નરેશભાઈ વાધવાએ સેવા આપી હતી. જેમાં બહોળી સંખ્યામાં દર્દીઓને વિનામૂલ્યે તબીબી તપાસ કરી આપવામાં આવી હતી. ટ્રસ્ટીશ્રીઓ, દર્દી દેવો અને સ્ટાફની ઉપસ્થિતિમાં કેમ્પની શરૂઆત દીપ પ્રગટાવી કરવામાં આવી હતી. દર્દી દેવોની સેવા હેતુ, આ કેમ્પને સફળ બનાવવા ડૉક્ટરશ્રીઓ તથા સમગ્ર સ્ટાફે પ્રસંશનિય કામગીરી બજાવી હતી. જયારે એકસ-રે અને લેબોરેટરી તપાસ રાહતદરે આપી હતી. દર્દીઓએ તેનો લાભ લીધો હતો.



શ્રી મધુકાંતાબેન નગીનદાસ ભાયાણી તરફથી સંસ્થાને રૂા. 51,000/- ના દાનનો ચેક અર્પણ કરતા શ્રી કિશોરભાઈ ભાયાણી.

## દિવ્યાંગ યુવાશક્તિ

વડોદરાની દિવ્યાંગ, હેતવી કાંતિભાઈ ખિમસુરિયા, 13 વર્ષની પોતે સેરેબ્રલ પાલ્સીથી પીડિત હોવા છતા કલા જગતમાં ઝળકી છે. 250 ચિત્રો તેણીએ પૂરાં કર્યા છે. ભારતના વડાપ્રધાન તથા ગુજરાતના મુખ્યમંત્રીના પ્રશંસા પત્રો સહિત 100થી અધિક પ્રમાણ પત્રોથી નવાજાયા છે. પોતાના માસિક પેન્શનનું તેણી દાન કરે છે અને યુ-ટયુબ પર પોતાના જ્ઞાનની વિનામૂલ્યે વહેંચણી કરે છે.

- (સૌ. રાજસ્થાન પત્રિકા)

## જૂલાઈ-2024 દરમ્યાન, નીચે મુજબના દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.

| DEPARTMENT | No.Of Patients |
|---|---|
| **EYE DEPARTMENT** | |
| OPD | 248 |
| Cataract Surgeries - Free | 02 |
| Cataract Surgeries - Paid | 00 |
| EYE Retina | 13 |
| **ENT DEPARTMENT** | |
| OPD | 438 |
| OPERATION - PAID | 01 |
| MINOR PROCEDURE | 90 |
| **DENTAL DEPARTMENT** | |
| OPD | 118 |
| PROCEDURE | 96 |
| **MATERNITY** | |
| OPD | 64 |
| DELIVERY | 02 |
| OPERATION | 01 |

| DEPARTMENT | No.Of Patients |
|---|---|
| **CHEST PHYSICIAN** | 01 |
| **PHYSIOTHERAPY** | 109 |
| **GENERAL OPD** | 94 |
| **PSYCHIA TRIC** | 26 |
| **PSYCHIATRIC (M.D.)** | 51 |
| **ORTHOPEDIC DEPARTMENT** | 22 |
| **PEDIATRIC** | 39 |
| **SKIN DEPARTMENT** | 160 |
| **X-RAY DEPARTMENT** | 18 |
| **LABORATORY PATIENT** | 115 |
| **LABORATORY TEST** | 293 |
| **SONOGRAPHY** | 39 |
| **CAMP** | 08 |
| **PATIENT** | 203 |
| **SHAMJI MAVJI RELIEF** | 03 |

# લાઈબ્રેરી યુવક સંમેલન, મુંબઈ



છાયા જોશી



**ઓગસ્ટ મહિના દરમ્યાન લાઈબ્રેરીમાં નીચે મુજબની એક્ટિવિટી કરાવવામાં આવી.**

| **કે.એન.શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ** | **સી.પી. સ્કૂલ** |
|---|---|
| 35 સ્પેલિંગ એક્ટિવિટી | 5 મિસીંગ નંબર શોધો. |
| 35 મેથ્સ એક્ટિવિટી | 5 મેથ્સ એક્ટિવિટી |
| 25 કલરિંગ એક્ટિવિટી | 15 કલરિંગ એક્ટિવિટી |
| 15 ડોટ ટુ ડોટ | 5 ડોટ ટુ ડોટ |

## લાઈબ્રેરીમાં 15 ઓગસ્ટ સ્વતંત્રતા દિવસની ઉજવણી



વિવિધ વિભાગોના સ્ટુડન્ટ્સ રેગ્યુલર લાઈબ્રેરીમાં આવે છે. લાઈબ્રેરીમાં લર્ન વીથ ફન થીમ પર વિવિધ એક્ટિવિટી કરાવવામાં આવે છે. લાઈબ્રેરીમાં દરેક તહેવારો પ્રમાણે એક્ટિવિટી કરાવવામાં આવે છે. લાઈબ્રેરીમાં 15 ઓગસ્ટ સ્વતંત્રતા દિવસની ઉજવણીના ભાગરૂપે વિવિધ દેશભક્તિ દર્શાવતા ચિત્રોમાં કલરિંગ એક્ટિવિટી કરાવવામાં આવી હતી.

**સકસેસ સ્ટોરી :** નટરાજ લાઈબ્રેરીમાં કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ, સી.પી. સ્કૂલ, ઓટિઝમ સ્કૂલ તેમજ દિશા કમ વિકાસ પ્રોજેક્ટ સ્ટુડન્ટ્સ તેમજ ટીચર્સ ટ્રેનિંગ કોલેજ સ્ટુડન્ટ્સ રેગ્યુલર લાઈબ્રેરીમાં આવે છે અને રેગ્યુલર લાઈબ્રેરી એક્ટિવિટી કરે છે અને હોશે-હોશે પુસ્તકો વાંચવા માટે ઘરે લઈ જાય છે. અહીં એક મહિનામાં સૌથી વધુ પુસ્તકો વાંચનાર સ્ટુડન્ટ્સને રીડર ઓફ ધ યર ના ખિતાબથી નવાજવામાં આવે છે. અહીં સ્ટુડન્ટ્સ એટલા બધા પુસ્તકો વાંચે છે કે દર વર્ષે એક નવો રેકોર્ડ બને છે. આ વર્ષે કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ ધો. 6 ની વિદ્યાર્થીની કુ. દિક્ષા ચિરાગભાઈ રાણાએ 11-7 થી 10-8 દરમ્યાન 30 દિવસમાં 54 પુસ્તકો વાંચીને એક નવો રેકોર્ડ બનાવ્યો છે. કુ. દિક્ષા રાણાને રીડર ઓફ ધ યર 2024-25 નો એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો છે. દિક્ષા જ્યારે પહેલી વખત લાઈબ્રેરીમાં આવી ત્યારે મે તેનામાં કઈક કરી છૂટવાની ધગશ જોઈ મે તેને પુસ્તકો વાંચવા માટે પ્રોત્સાહિત કરી. દિક્ષા દરરોજ લાઈબ્રેરીમાં આવવા લાગી અને દરરોજ અલગ-અલગ પુસ્તકો વાંચવા માટે ઘરે લઈ જવા લાગી. ધીમે-ધીમે દિક્ષાનો વાંચનમાં રસ વધવા લાગ્યો અને એમ કરતાં-કરતાં દિક્ષાએ 30 દિવસમાં 54 પુસ્તકો વાંચીને એક નવો રેકોર્ડ બનાવ્યો.

દિક્ષા જીવનમાં દરેક ક્ષેત્રમાં સફળતાના શિખરો સર કરે તેવી શુભેચ્છા.

# ‘અંકુર’ મંદબુધ્ધિવાળા બાળકોની શાળા



નેહલ ગઢવી

## સંસ્થા દર્શન



તા. 24 જૂલાઈના રોજ કપોળ સમાજ દર્પણ - મુંબઈના એડિટર એન્ડ રાઈટર શ્રી નિલાબેન સંઘવીએ સંસ્થાની શુભેચ્છા મુલાકાત લીધેલ. સંસ્થાના પ્રમુખ શ્રી વિનુભાઈ હકાણીએ તેઓને સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ અને વિભાગોની મુલાકાતકરાવી વિસ્તૃત માહિતી આપેલ.

## રેલ્વે કન્સેશન સર્ટિફીકિટ તથા રેલ્વે ઓળખ કાર્ડનો કેમ્પ



શાળામાં, માનસિક રોગ વિભાગ સર.ટી. હોસ્પિટલ અને પશ્ચિમ રેલ્વે ભાવનગરના સહયોગથી રેલ્વે કન્સેશન સર્ટિફીકેટ તથા રેલ્વે ઓળખ કાર્ડ અંગેના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં માનસિક રોગ વિભાગના હેડ ઓફ ધી ડિપાર્ટમેન્ટ ડૉ. શ્રી અશોકભાઈ વાળા સાહેબ તથા તેમની ટીમ દ્વારા બાળકોની તપાસ કરીને, રેલ્વે કન્સેશન સર્ટિફીકેટ આપવામાં આવ્યાં હતાં અને રેલ્વે ઓળખ કાર્ડ માટેની અરજી શાળા તરફથી સ્વીકારવામાં આવી હતી. આ કેમ્પમાં શાળાના 60 વિદ્યાર્થીઓને રેલ્વે કન્સેશન સર્ટિફીકેટ ઈસ્યુ કરવામાં આવ્યાં હતાં. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી પારસભાઈ પરમાર, તેમજ ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજના તાલીમાર્થી શ્રી સાહિલભાઈ રાંધનપરા અને સંકલન આચાર્યશ્રી એમ. કે. સાયબાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

## સેવાનું સન્માન







તાજેતરમાં રાજકોટના પ્રખ્યાત દૈનિક વર્તમાન પત્ર “વોઈસ ઓફ ડે”દ્વારા, તેની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે વિવિધ સંસ્થાઓ તથા તેમના કાર્યકર્તાઓને અભિવાદિત કરવાનો કાર્યક્રમ રાજકોટ ખાતે યોજાયેલ. જેમાં રાજકોટના ધારાસભ્યશ્રી, મેયરશ્રી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી તથા પ્રસિધ્ધ હાસ્ય કલાકાર સાંઈરામ દવે અને રાજકોટની વિવિધ સંસ્થાઓના અગ્રણીઓની વિશેષ ઉપસ્થિતિમાં શાળાના માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ, આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી તથા શિક્ષક શ્રી નેહલબેન ગઢવી, આ તમામને **સેવાનું સન્માન** બેનર હેઠળ સન્માનિત કરવામાં આવ્યા હતાં. સૌને અભિનંદન. સંસ્થા ગૌરવની લાગણી અનુભવે છે.

## ભાવરંગમાં કૃતિ પ્રસ્તુતિ



સુપ્રસિધ્ધ વર્તમાનપત્ર સૌરાષ્ટ્ર સમાચારના “વાચક મહોત્સવ” ના સાંસ્કૃતિક કાર્યક્રમમાં અટલ ઓડિટોરિયમ ખાતે શાળાના બાળકોએ દેશભક્તિ ગીત ઉપર ડાન્સ કૃતિની પ્રસ્તુતિ કરી હતી. બાળકોના ડાન્સ બાદ શ્રોતાગણ દ્વારા સ્ટેન્ડિંગ ઓવેશનથી બાળકોને વધાવવામાં આવેલ. આ કાર્યક્રમમાં પ્રિન્સિપાલ શ્રી મેઘજીખાન સાયબાણીના સંકલન તથા ડૉ. ભાવનાબેન અંધારિયાના આયોજન હેઠળ, શ્રી ક્રિષ્નાબેન રૂપેરા, શ્રી આરીફભાઈ જેઠવા, શ્રી ભાવિશાબેન પારેખ તથા શ્રી નરેશભાઈ ચૌહાણે જવાબદારી નિભાવી હતી.

## રક્ષાબંધન પર્વની ઉજવણી



તા. 13-8 ના રોજ ઈનરવ્હીલ કલબના બહેનો દ્વારા, શાળામાં બાળકો સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઈનરવ્હીલ કલબ દ્વારા દરેક બાળકોને જમાડવામાં આવેલ તથા ગીફટ આપવામાં આવી હતી.

## શાળામાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

શાળા ખાતે સંપૂર્ણ આન-બાન-શાન સાથે 78મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે સુનિલભાઈ જે. પારેખ (એડવોકેટ) ના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ શ્રી વિનુભાઈ હકાણી તથા માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ, ટ્રસ્ટી શ્રી રાજેશભાઈ હકાણી, માનદ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહ ઉપસ્થિત રહેલ. ચિત્ર સ્પર્ધા તથા રમત-ગમતમાં વિજેતા થયેલ બાળકોને ઈનામ આપવામાં આવેલ. ધ્વજવંદન વિધિ શિક્ષક શ્રી હરદીપભાઈએ કરાવેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી ક્રિષ્નાબેન રૂપેરા અને આભારવિધિ શ્રી પારૂલબેન પાઠકે કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંકલન આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીએ કર્યું હતું.

## રૂા. 51 લાખના દાનની જાહેરાત

રૂા. 51 લાખના દાનની જાહેરાત : વિશેષમાં, સમૃધ્ધ ગુજરાતમાં સુવિધા અને સુખ ભરપૂર છે. પણ શું બધા માટે આ પ્રાપ્ય છે ? કદાચ નહીં, સમાજમાં મંદબુધ્ધિ બાળકો દેખાય, પણ કયારેક મંદબુધ્ધિ વ્યકિતનો, મંદબુધ્ધિ વૃધ્ધોનો વિચાર આવે છે ? આ વિચાર‘અંકુર’ વર્ષોથી કરે છે. પણ આ વર્ષે એ સાહસનું બીજ, પડકારનું બીજ રોપાય છે. આ બાળકોની હોસ્ટેલ જે સમગ્ર સૌરાષ્ટ્રમાં કયાંય નથી, એટલે દીકરા-દીકરીઓ માટે શરૂ કરવાનો વિચાર કર્યો અને વિશ્વ વંદનીય પૂજ્ય મોરારીબાપુના તુલસીપત્રથી શરૂઆત કરી અને અમે દાન અને પ્રયાસ બીજો સાથે પ્રારંભ કર્યો આ બાળકોના નસીબે અને માતા-પિતાની પીડા સાંભળી, ભાવનગરના જાણિતા વકીલ અને હૃદયના સમૃધ્ધ અને ઉદારવાદી શ્રી સુનિલભાઈ જે. પારેખ (એડવોકેટ) ભાવનગર તરફથી રૂા. 51 લાખના દાનની જાહેરાત કરી હતી. આ શરૂઆત ઉજળી. બસ હવે વધુ દાન મળે, તો આપણે આ પ્રોજેકટ શરૂ કરી, દિવ્યાંગોના હૃદયભંગ માતા-પિતાનો સધિયારો બનીએ.

## શ્રી ડી. કે. અજમેરા ફાઉન્ડેશન, શ્રીમતી ભાનુમતિ વાડીલાલ ચત્રભુજ ગાંધી “ભાનુવાડી” વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર

**રાખડી પ્રોજેકટ / એકિઝબિશન કમ સેલ :** વોકેશનલ સેન્ટરના મંદબુધ્ધિ તાલીમાર્થીઓને ઉત્પાદન, ઉપરાંત વેચાણ તથા પૈસાની લેવડ-દેવડ શીખવવાના હેતુથી એકિઝબિશન કમ સેલનું આયોજન કરવામાં આવે છે. જેમાં...

1. તા. 27, 28 જૂલાઈ-2024 ઈસ્કોન કલબ ખાતે શ્રી અંબિકાબેન ટેકરીવાલના સહયોગથી...
2. તા. 02 ઓગસ્ટ-2024 ના રોજ જ્ઞાનમંજરી ટેકનો યુનિવર્સિટી ખાતે...
3. તા. 06 ઓગસ્ટ-2024 રોજ મહારાણી શ્રી નંદકુવરબા મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે...
4. તા. 11,12 ઓગસ્ટ-2024 પારેખ મહિલા મંડળ દ્વારા આયોજિત કાર્યક્રમમાં.
5. તા. 02 થી 11 ઓગસ્ટ દરમિયાન ગુજરાત સરકારશ્રી દ્વારા આયોજિત ગરવી ગુર્જરી હસ્તકલા પ્રદર્શન કમ વેચાણનું આયોજન થયેલ હતું.

જેમાં વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરના મનોદિવ્યાંગ તાલીમાર્થી દ્વારા નિર્મિત રાખડીઓ, ઉપરાંત વિવિધ અને આકર્ષક વસ્તુઓ જેમ કે, તોરણ, હેંગિગ, કુશન કવર, મોબાઈલ કવર વિગેરે વસ્તુઓનું પ્રદર્શન કમ વેચાણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાવેણાની જનતા દ્વારા મનોદિવ્યાંગ બાળકોને પ્રોત્સાહન આપવાના ઉમદા આશય સાથે, રાખડીઓ સહિત વિવિધ વસ્તુઓ ખરીદી, સુંદર પ્રતિસાદ આપેલ. આ ઉપરાંત ગુજરાત તથા સમગ્ર ભારતના વિવિધ શહેરોમાં ઓનલાઈન પણ રાખડીઓ પહોંચાડવામાં આવી હતી.

આ સફળ પ્રોજેકટ માટે વોકેશનલ વિભાગના હેડ શ્રી નેહલબેન ગઢવી તથા તેમની સમગ્ર ટીમને, ટ્રસ્ટીશ્રીઓ તથા શાળા પરિવાર વતી અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં.

# સ્વ. શ્રી શશીકાંતભાઈ સાકરલાલ વેલાણી ટિચર્સ ટ્રેનિંગ કોલેજ ફોર સ્પેશ્યલ એજ્યુકેશન (મેન્ટલી રીટાર્ડેશન)



ડૉ. ભાવિકાબેન કામદાર

- **પરિણામ :** D.Ed. Spl. Ed. (IDD)ની બેંચ વર્ષ 2022-24 (બીજુ વર્ષ) તથા બેંચ વર્ષ 2023-25 (પ્રથમ વર્ષ)ની ફાઈનલ પરીક્ષાનું પરિણામ 100% આવેલ. જેમાં 45 વિદ્યાર્થીઓ ડિસ્ટકશન તથા 17 વિદ્યાર્થીઓ ફર્સ્ટ કલાસ સાથે ઉત્તીર્ણ થયેલ છે. આવા ઝળહળતા પરિણામ બદલ ટ્રસ્ટીશ્રીઓ, તેમજ સંસ્થા પરિવારવતી, કો-ઓર્ડિનેટર ડૉ. ભાવિકાબેન કામદાર તથા શ્રી આરીફભાઈ જેઠવાને અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં.

# 1 થી 31 ઓગસ્ટ સુધીના દાતાઓની યાદી

PNR
HOPE 4 ALL

## PNR SHAH SOCIETY (80-G)

| Donor Name | Amount |
|---|---|
| Shri Shreyas Pracharak Sabha - Mumbai | 1,00,000 |
| Shri Mahavirsinh Nanubha Gohil-Bhavnagar | 2,500 |
| Shri Mahavirsinh K. Zala - Bhavnagar | 1,000 |
| Shri Natvarlal Ramniklal Chanchad-Bhavnagar | 5,000 |
| Shri Mukesh Mahendraprasad Oza-Mumbai | 50,000 |
| Shri Prakashbhai M. Gorasia - Bhavnagar | 9,000 |
| Shri Nehalben P. Gorasia - Bhavnagar | 9,000 |
| Jay P. Gorasia - Bhavnagar | 7,000.00 |

## FCRA

| Donor Name | Amount |
|---|---|
| Shri Hasmukh K. Parekh (General Donation) - Mumbai | 10,000 |
| Impact Foundation Cataract Operaion (Impact Project) - U. K. | 4,53,150 |

## CSR

| Donor Name | Amount |
|---|---|
| Anand Engineers Pvt. Ltd. Mumbai | 1,00,000 |

## Shri K. L. INSTITUTE FOR THE DEAF-TRUST

| Donor Name | Amount |
|---|---|
| Shri Vithalbhai Kanjibhai Patel-Ankleshwar | 5,100 |
| Shri Meenaben Ghanshyambhai Upadhayay-Vadodara | 5,000 |
| Shri Maulikkumar Vijaybhai Dodiya-Bhavnagar | 7,001 |
| Shri Maheshbbai Kishanbhai Kshirsagar-Bhavnagar | 3,000 |
| Shri S AND Export - Mumbai | 7,000 |
| Shri Prafulbbhai Ramjibhai Jethava-Jamnagar | 1,000 |
| Shri Titixa Mukeshbhai Pandya - Bhavnagar | 1,001 |
| Shri Natwarlal Ramniklal Chandhad - Bhavnagar | 5,000 |
| Shri S. N. Doshi - Mumbai | 6,000 |
| Shri Ranjanben Rameshbhai Parmar - Bhavnagar | 1,000 |
| Shri Dhrumil Deepak Shah - Mumbai | 6,000 |
| Shri Santoshbhai G. Kamdar - Bhavnagar | 5,35,000 |
| Shri Deepak Natwarlal Shah - Mumbai | 6,000 |
| Shri Mukesh Oza - Mumbai | 50,000 |
| Shri Shrutiben Pareshbhai Mehta - Bhavnagar | 10,000 |
| Shri Ekta Pareshbhai Mehta - Bhavnagar | 10,000 |
| Shri Bhumit Ravindrabhai Shah - Mumbai | 1,00,000 |
| Shri Varshaben B. Lalani - Bhavnagar | 2,100 |
| Shri Mukeshbhai Pravinchandra Mehta-Bhavnagar | 61,000 |
| Lt.Kiritsinh Balubha Rana - Bhavnagar | 5,001 |
| Shri Prakash R. Muni - Mumbai | 51,000 |
| Lt.Siddharth Prakashbhai Shah - Bhavnagar | 7,000 |
| Shri Bhanumatiben Balkrishna Bhatt - Mumbai | 1,00,000 |
| Shri Nailesh Jaswantrai Mehta - Mumbai | 11,000 |
| Lt.Prabhaben Hiralal Doshi - Mumbai | 5,000 |

COMMITMENT TO EXCELLENCE

## Late Bhavsar Devchandbhai Muljibhai Talajiya & Late Bhavsar Khamalaxmi Devchandbhai Talajiya Ankur School for Mentally Retarded Children

| Donor Name | Amount |
|---|---|
| Goran Pharma Pvt. Ltd. - Sihor | 1,00,000 |
| Shri Jatankumar Dilipkumar Parikh-Bhavnagar | 30,001 |
| Shri Naynaben Yogeshkumar Dave-Ahmedabad | 30,000 |
| Shri Pankajkumar Dineshbhai Patel-Gandhinagar | 25,000 |
| Madhu Silica Pvt. Ltd. - Bhavnagar | 25,000 |
| Shri Neelima Nikunj Shanghvi - Mumbai | 25,000 |
| Shri Kishorbhai Tailor - Mumbai | 25,000 |
| Shri Rita Mihir Kothari - Mumbai | 22,000 |
| Dr. Rajesh B. Parikh - Ahmedabad | 15,000 |
| Vanshika Forms - Bhavnagar | 11,000 |
| Rotary Club of Bhavnagar Royal Member's - Bhavnagar | 10,000 |
| Shri Raj Mehta - Benglore | 10,000 |
| Shri Amilal Gulabchand Shah - Mumbai | 8,600 |
| Shri jayshankarbhai Dhandhalya - Bhavnagar | 8,000 |
| Shri Ashokbhai Jasubhai Rami - Bhavnagar | 5,100 |
| Shri jagdishbhai Gautambhai Parmar - Lathi | 5,000 |
| Shri Natwarlal Ramniklal Chanchad - Bhavnagar | 5,000 |
| Shri Dipendra Kantilal Shah - Puna | 4,100 |
| Shri Sanchitbhai G. Halvadiya - Sihor | 2,501 |
| Shri Jaypalsinh Jilubhai Gohil - Bhavnagar | 2,400 |
| Shri Archin Suryakantbhai Shah - Bhavnagar | 2,100 |
| Shri Utsav V. Bhatt - Bhavnagar | 1,500 |
| Shri Manishbhai Dave - Bhavnagar | 1,000 |

# પી.એન.આર. સોસાયટીમાં 78મા સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી



ભાવનગરની પી.એન.આર. સોસાયટીમાં તા. 15મી ઓગસ્ટના રોજ, ભારતના 78મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિત્તે ધ્વજવંદનનો કાર્યક્રમ, નટરાજ કેમ્પસના પટાંગણમાં સંપન્ન થયેલ. સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ દ્વારા સ્વાગત પ્રવચન બાદ, કાર્યક્રમના અધ્યક્ષ અને અગ્રણી ઉદ્યોગપતિ શ્રી પ્રકાશભાઈ ગોરસિયા (પ્રમુખશ્રી, સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ ઈન્ડસ્ટ્રિઝ) ના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. શ્રી પ્રકાશભાઈએ પ્રસંગોચિત ઉદ્દબોધન કરેલ હતું.

આ પ્રસંગે બચપન કોર્પસ ફંડના સૌજન્યથી 100 તિરંગા કીટનું વિતરણ, PNRના વિવિધ વિભાગોના કુપોષિત દિવ્યાંગ બાળકોને કરવામાં આવ્યું હતું. આ સાથે જ સાધન સહાય અને વ્હીલચેર વિતરણ, તેમજ લાઈબ્રેરી વિભાગ દ્વારા **રિડર ઓફ ધ યર**નો એવોર્ડ, કુ. રાણા દિક્ષા (ધો.6) ને એનાયત કરાયેલ. આ પ્રસંગે સી.પી. સ્કૂલના સ્પેશ્યલ બાળકોએ **કરાટે ડેમોસ્ટ્રેશન**, પી.એન.આર. સોસાયટીના વિવિધ વિભાગો દ્વારા **દેશભક્તિ ગીત** તથા કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના વિદ્યાર્થીઓએ **ગ્રુપ ડાન્સ**નો રંગારંગ કાર્યક્રમ રજૂ કર્યો હતો. શ્રી લાલજીભાઈ પંડયા (ગૃહપતિ) એ ધ્વજવંદન પરેડનું સંચાલન કર્યું હતું. આભારવિધિ માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે કરી હતી.

આ રાષ્ટ્રિય પ્રસંગે શ્રી બાબાભાઈ (ફાઉન્ડર મેમ્બર), શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી ધીરૂભાઈ ધંધુકિયા, આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકી (નટરાજ સી.પી. સ્કૂલ), આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયા (કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ), બંને સ્કૂલના બાળકો, વાલીઓ, શુભેચ્છકો વિગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન શ્રી ખેવનાબેન ઓઝા દ્વારા કરવામાં આવ્યું હતું.

# દિવ્યાંગતા પર વિજેતા ક્રિષ્ના (ક્રિષ્ના નામ બદલેલ છે.)

ઉતર ગુજરાતની માત્ર 20 વર્ષની મહિલાને હાથમાં કેન્સર થતા ત્રણ વર્ષ પહેલા હાથ કપાવવો પડયો-એમ્પ્યુટ કરવો પડયો. આના કારણે કોણી નીચેના ભાગના મહત્વના સ્નાયુઓને પણ નુકશાન થયું. પરંતુ કોઈ હિંમત હાર્યા વિના આ ગ્રામીણ કન્યા પર વાઢકાપ કર્યા પછી તેને કૃ ત્રિમ હાથ માયા ઈલેક્ટ્રોક પ્રોસ્થેટિક હેન્ડ બેસાડવામાં આવ્યો. આ ગ્રામીણ કન્યા તેના આ કૃત્રિમ હાથ વડે રોજીંદી જીવન જરૂરિયાતને સરળતાથી ઉપાડી શકે છે. ગુજરાત કેન્સર રિસર્ચ સેન્ટરમાં આવો કૃત્રિમ હાથ મેળવનાર આ પ્રથમ મહિલા છે. જો કે આ કૃત્રિમ હાથનું ઉત્પાદન થોડું ખર્ચાળ છે પણ તેની સહાયથી પીડિત વ્યકિત આત્મસન્માન સાથે જીવી શકે છે અને સમાજમાં તેનું પુનર્વસન થઈ શકે છે.

**(સૌ. : સૌરાષ્ટ્ર સમાચાર) સંવાહક : પીયૂષ મુકુન્દરાય પારાશર્ય M. 9825187007**

# બંને પગ નહીં હોવા છતાં કાન્યાનો વર્લ્ડ રેકોર્ડ

મૂળ થાઈલેન્ડની 31વર્ષની કાન્યા સેસ્સરે, હમણાં બનાવેલા વર્લ્ડ રેકોર્ડ માટે ગ્રિનેસ બુકમાં સ્થાન મેળવ્યું છે. કાન્યાએ બંને હાથ સ્કેટ બોર્ડ પર મુકીને શિર્ષાસનની મુદ્રામાં 19.65 સેકન્ડ સુધી સ્કેટ બોર્ડ દોડાવ્યું. કેલિફોર્નિયાના લોસ એન્જલસમાં ગ્રિનેસ બુકની ટીમ સામે કરેલા આ પરાક્રમ બદલ કાન્યાને ગ્રિનેસ બુક દ્વારા સર્ટિફીકેટ આપીને વિધિવત રીતે તેના નામે વર્લ્ડ રેકોર્ડ કરાયો. કાન્યાની સિધ્ધિ એ રીતે મોટી છે કે તેને પગ જ નથી. કાન્યા 1993માં જન્મી ત્યારે જ બંને પગ વિના પેદા થઈ હતી. તેની માતા તેને એક બૌધ્ધ મઠ પાસે છોડીને જતી રહેલી. હોસ્પિટલના સ્ટાફે કાન્યાને ઉછેરી. કાન્યા ૫ વર્ષની થઈ ત્યારે, અમેરિકાના ઓરેગોન સ્ટેટના પોર્ટલેન્ડમાં રહેતા જેન અને ડેવે તેને દત્તક લીધી. જેન-ડેવને બે મોટા દીકરા પણ હતાં કે જેમણે તેને સ્કેટ બોર્ડ ચલાવતા શીખવ્યું. તેના કારણે કાન્યાની હિંમત ખૂલી ગઈને અત્યારે વર્લ્ડ રેકોર્ડ બનાવી દીધો.

**- (સૌ : ગુજરાત સમાચાર)**

# PNR તસ્વીર સમાચાર




સ્વાતંત્ર્ય દિને વકતવ્ય આપતા તથા બાળકોને પૌષ્ટિક આહારની કિટ વિતરણ કરતા શ્રી પ્રકાશભાઈ ગોરસિયા



'મેગા એસેસમેન્ટ કેમ્પ' માં ડો. વસીમ એહમદ




AT&T માં લેપટોપ વિતરણ કરતા શ્રી બાબાભાઈ




દિવ્યાંગોના પરિવારને કિટ વિતરણ કરતા શ્રી બાબાભાઈ



'ચાલો વાગોળિએ સંસ્મરણો' માં ઉપસ્થિત ગુરૂજનો સાથે...



સી.પી. સ્કૂલ દ્વારા જન્માષ્ટમીની ઉજવણી

Koshish Thi Kamyabi I RNI No.GUJGUJ/2013/48176 I Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24 I Monthly Date Of Publication : 15 September 2024 I Posted at 20th of every month at BHAV.RMS I Subscription Rs. 150 Per Year (12 Issue) I Total Page : 24

